RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 287, Dt.21-2-2025 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કચ્છમાં ગમખ્વાર અકસ્માતમાં ૫ લોકોના મોત

## કેરા–મુંદ્રા રોડ પર ખાનગી મિની બસ અને ટ્રક વચ્ચે અકસ્માત, મુત્યુ આંક વધવાની સંભાવનાઃ બસમાં ૪૦ લોકો સવાર હતા

**મુખ્ય સમાચાર, ભુજ**

કચ્છમાં ખાનગી બસ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં ૫ લોકોના ઘટના સ્થળે મોત થયા હોવાની માહિતી સાપડી છે

મળેલી માહિતી મુજબ કેરા મુન્દ્રા રોડ ઉપર ભયંકર અકસ્માતની ઘટના બની હતી. આ અકસ્માતમાં ૫ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે.

કચ્છમાં ગમખ્વાર અકસ્માતની ઘટના બની છે. પશ્ચિમ કચ્છમાં આ અકસ્માતની ઘટના બની હતી. કેરા મુન્દ્રા રોડ ઉપર ભયંકર અકસ્માતની ઘટના બની છે. આ અકસ્માતમાં ૫ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે. ખાનગી બસમાં ૪૦ લોકો સવાર હતા. આ અકસ્માતની ઘટનામાં






ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. હાલ તો અકસ્માતની ઘટનાને પગલે રોડ પર ટ્રાફિકજામ સર્જાયો છે. ખાનગી બસમાં ૪૦ લોકો સવાર હતા. આ ભયંકર અકસ્માતની ઘટનામાં બસમાં સવાર ૪૦ માંથી ૯લોકોના ઘટના સ્થળે જ મોત થયા છે. મોતનો આંકડો હજુ પણ વધવાની શક્યતા છે. અકસ્માતમાં ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ગમખ્વાર અકસ્માત બાદ સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ત્યાં આવી પહોંચ્યા હતા.

# મહાકુંભમાં સ્નાન કરતી મહિલાઓના પણ વીડિયો વેચ્યા હોવાનો ઘટસ્ફોટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજકોટની પાયલ મેટરનિટી હોસ્પિટલના સીસીટીવી ફૂટેજના વીડિયો વાયરલ થવાના મામલે શરૂ કરવામાં આવેલી તપાસ આંતરરાષ્ટ્રીય કૌભાંડની દિશામાં જઈ રહી હોવાની વિગતો સામે આવી રહી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ત્રણેય આરોપીને ઝડપી પાડી તપાસ કરતાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે આ ત્રણેય નરાધમોએ મહાકુંભમાં સ્નાન કરતી મહિલાઓના વીડિયો વેચ્યા હતા અને આરોપીઓએ આ વીડિયો સોશિયલ મીડિયા ચેનલ પર અપલોડ પણ કર્યા છે. હજુ તપાસનો દોર ચાલી રહ્યો છે, જેમાં મોટા ઘટસ્ફોટ થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે આજે આ ત્રણેય આરોપીને અમદાવાદ મેટ્રો કોર્ટમાં રજૂ કરી વધુ રિમાન્ડની માંગ કરશે. અમદાવાદ સાયબર ક્રાઈમ સેલના અધિકારીઓએ ઝડપાયેલા ત્રણેય આરોપીઓ પાસેથી મળી આવેલા ગેઝેટ્સની તપાસ કરતા ૮૦ જેટલી હોસ્પિટલોના સીસીટીવી ફૂટેજ મળી આવ્યા હતા. જ્યારે આ ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આ કેસમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટની કલમ ૬૬ (એફ) ૨નો ઉમેરો કરવામાં આવ્યો છે. રાજકોટની પાયલ મેટરનિટી હોસ્પિટલના સીસીટીવી ફૂટેજ યુ ટ્યુબ પર પોસ્ટ કરવાની સાથે ટેલીગ્રામ ચેનલ દ્વારા દેશની અલગ અલગ હોસ્પિટલોના સીસીટીવી ફૂટેજ વેચાણ કરવાના કૌભાંડમાં મહારાષ્ટ્રથી ઝડપાયેલા પ્રજવલ તૈલી, પ્રજ પાટીલ




અને ચંદ્ર પ્રકાશ નામની યુવકોની પૂછપરછ અને તેમની પાસેથી મળી આવેલા મોબાઈલ ફોન, હાર્ડ ડીસ્ક અને અન્ય ગેટેઝ્સની તપાસ કરતા પોલીસને ૮૦થી વધુ હોસ્પિટલના સીસીટીવી ફૂટેજ મળી આવ્યા હતા.

# ૧૫૦ ટકા ટેરિફની ધમકી બાદ બ્રિક્સ ‘તુટી’ ગયું : ટ્રમ્પનો નવો ધડાકો

**મુખ્ય સમાચાર, વોશીંગ્ટન**

ભારત સહિત પાંચ દેશોના બ્રિક્સ જૂથમાં ભાગલા પડવાનો દાવો કરવામાં આવી રહયો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે વધુ ટેરિફ લાદવાની ધમકી આપ્યા બાદ બ્રિક્સ તૂટી ગયું છે. જોકે, કોઈપણ બ્રિક્સ રાષ્ટ્રે આ દાવા પર સત્તાવાર રીતે પ્રતિક્રિયા આપી નથી. આ વર્ષે જુલાઈમાં બ્રાઝિલમાં પાંચ દેશોની એક બેઠક યોજાવાની છે. ટ્રમ્પ લાંબા સમયથી ડોલરના મુકાબલે આ દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની ધમકી આપી રહયા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટ્રમ્પ કહે છે કે ૧૫૦ ટકા ટેરિફ લાદવાની ધમકી આપ્યા



પછી, બ્રિક્સ દેશોએ નપવિભાજનથ કરવાનો નિર્ણય લીધો છે. આ જૂથમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. ગયા અઠવાડિયે પણ તેમણે ધમકી આપી હતી કે જો બ્રિક્સ દેશો એક સામાન્ય ચલણ લઈને આવે છે, તો તેમને અમેરિકા તરફથી ૧૦૦ ટકા ટેરિફનો સામનો કરવો પડશે.

ટ્રમ્પે કહયું કે અમેરિકન ડોલરને પડકારવાના બ્રિક્સના પ્રયાસોનું કોઈ પરિણામ નહીં આવે. ટ્રમ્પે કહયું કે બ્રિક્સ દેશો આપણા ડોલરનો નાશ કરવાનો પ્રયાસ કરી રહયા છે. તેઓ એક નવું ચલણ રજૂ કરવા માંગે છે.

તમને જણાવી દઈએ કે બ્રિક્સમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા, ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન અને સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ થાય છે. આ સાથે, તુર્કી, અઝરબૈજાન અને મલેશિયાએ બ્રિક્સના સભ્ય બનવા માટે અરજી કરી છે. આ ઉપરાંત, ઘણા અન્ય દેશોએ પણ તેમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

# ગુજરાતના વીજગ્રાહકોને ત્યાં ફરજિયાત સ્માર્ટ મીટર લગાવાશે, સરકારે વિધાનસભામાં આપી માહિતી

## વીજ વપરાશની જાણકારી મોબાઈલ પર મળશેઃ લોકોએ પ્રિ-પેઈડ રિચાર્જ સિસ્ટમને લઈને સ્માર્ટ મીટરનો વિરોધ કર્યો હતો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી સ્માર્ટ મીટરને લઈને હોબાળા થઈ રહ્યો હતો. લોકોએ પ્રિ–પેઈડ રિચાર્જ સિસ્ટમને લઈને સ્માર્ટ મીટરનો વિરોધ કર્યો હતો. આ દરમિયાન વિધાનસભામાં કોંગ્રેસ ધારાસભ્ય કિરીટ પટેલે પ્રિ–પેઈડ સ્માર્ટ મીટર અંગેના સરકારને સવાલ કર્યો હતો. આ સવાલનો જવાબ આપતા ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, પહાલના મીટર અને સ્માર્ટ મીટરની કામગીરી સમાન છે તેથી તમામ વિગતો મોબાઈલ પર ગ્રાહકો મેળવી શકશે.

રાજ્યના ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, પપ્રિ–પેઈડ સ્માર્ટ મીટર લગાવવું ફરજિયાત છે. પ્રિ–પેઈડ સ્માર્ટ મીટરના અનેક પ્રકારના ફાયદા છે. તેના કારણે વીજ વપરાશની જાણકારી મોબાઈલ પર મળી રહેશે. અત્યારે ઉપયોગમાં લેવાતા મીટર અને સ્માર્ટ મીટરની કામગીરી સમાન છે.

ઊર્જા વિભાગના જણાવ્યાનુસાર, હાલના મેન્યુઅલ રીડિંગ પર આધાર રાખવાને બદલે સ્માર્ટ મીટર જાતે વીજ વપરાશનો ડેટા એકત્રિત કરે છે અને તેને વીજ વિતરણ કંપનીઓને ટ્રાન્સમિટ કરે છે. સ્માર્ટ મીટરમાં જે તે વીજ ગ્રાહકના વીજ વપરાશ અંગેના ડેટા તેમજ અન્ય માહિતી સ્માર્ટ મીટરની અપ્લિકેશન દ્વારા મોબાઈલ પર જ નિયમિત અને તાત્કાલિક ધોરણે વીજ ગ્રાહકને મળી રહે છે.

સ્માર્ટ મીટર ગ્રાહકલક્ષી મૈત્રીપૂર્ણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવે છે. જેમાં એડવાન્સ મીટરિંગ સિસ્ટમ હોવાથી



તે ગ્રાહકના સ્માર્ટ મીટર એપ્લિકેશન તેમજ ડિસ્ટ્રિબ્યુશન કંપની બંને સાથે કોમ્યુનિકેટ કરે છે. સ્માર્ટ મીટરથી વીજ કંપની દરેક વિસ્તારની વીજ માંગ સમજી તેનું સરળતાપૂર્વક આયોજન કરી શકે છે.

# બસોમાં સીરિયલ બોંબ ધડાકાથી ધણધણી ઉઠ્યું ઈઝરાયલ

## એક પછી એક ત્રણ ધડાકા થયા : જો કે કોઈ જાનહાની નથી : દેશભરમાં બસો - ટ્રેનો - લાઈટ રેલ્વે ટ્રેન સેવાઓ તત્કાલ અટકાવી દેવાઈ


**મુખ્ય સમાચાર, તેલઅવીવ**

ગઈકાલે સાંજે ઈઝરાયલમાં એક પછી એક ત્રણ વિસ્ફોટ થયા. ઈઝરાયલી પોલીસે જણાવ્યું હતું કે ગુરુવારે સાંજે મધ્ય શહેર બાટ યામમાં ત્રણ બસોમાં બોમ્બ વિસ્ફોટ થયા હતા. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. તેમણે તેને આતંકવાદી હુમલો ગણાવ્યો છે. દરમિયાન, સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કાત્ઝે આ હુમલા માટે પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથોને દોષી ઠેરવ્યા છે, જ્યારે વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સુરક્ષા બેઠક યોજવાના છે. આ હુમલા એવા સમયે થયા જ્યારે હમાસ અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ કરારના ભાગ રૂપે બંધકોની આપ–લે થઈ રહી હતી.

ઈઝરાયલના મધ્ય શહેર બાટ યામમાં એક પછી એક અનેક બસોમાં વિસ્ફોટ થયાના અહેવાલો પ્રાપ્ત થયા છે. પોલીસે તેને સંભવિત આતંકવાદી હુમલો ગણાવ્યો છે. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ બે અન્ય બસોમાંથી વધારાના વિસ્ફોટકો મળી આવ્યા છે. અધિકારીઓએ લોકોને સતર્ક રહેવા અપીલ કરી છે. આ હુમલા બાદ દેશભરમાં બસો–ટ્રેનો–લાઈટ ટ્રેન સેવા અટકાવી દેવાઈ છે.

નપ્રારંભિક અહેવાલો સૂચવે છે કે તે એક શંકાસ્પદ આતંકવાદી હુમલો હોય તેવું લાગે છે. બાટ યામમાં વિવિધ સ્થળોએ બસોમાં અનેક વિસ્ફોટ થયાના અહેવાલ છે,થ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું. આ ઘટના ત્યારે બની જ્યારે હમાસે ગાઝામાંથી ચાર ઈઝરાયલી બંધકોના મૃતદેહ પરત કર્યા.

બસ વિસ્ફોટોએ ૨૦૦૦ ના દાયકામાં પેલેસ્ટિનિયન બળવાની યાદો તાજી કરી દીધી છે. તાજેતરના સમયમાં આવી ઘટનાઓ દુર્લભ બની ગઈ છે. ચેનલ ૧૩ ટીવી અનુસાર, પોલીસ પ્રવક્તા એસી અહારોનીએ જણાવ્યું હતું કે બે અન્ય બસોમાંથી પણ વિસ્ફોટકો મળી આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે પાંચેય બોમ્બમાં સમાનતા હતી, જેમાં સમય ઉપકરણોનો પણ સમાવેશ થાય છે. બોમ્બ ડિસ્પોઝલ ટીમો



વિસ્ફોટકોને નિષ્ક્રિય કરી રહી હતી.

ઈઝરાયલમાં બસો અને ટ્રેનોની વ્યાપક તપાસ કર્યા પછી બોમ્બ ડિસ્પોઝલ ટીમોએ તેમનું કાર્ય પૂર્ણ કર્યું. પોલીસ દળો બાટ યામમાં શંકાસ્પદોની શોધમાં તપાસ કરી રહ્યા હતા. પોલીસ પ્રવક્તા હૈમ સરગ્રોફે ઈઝરાયલી ટીવીને જણાવ્યું હતું કે એક જ વ્યકિતએ અનેક બસોમાં વિસ્ફોટકો લગાવ્યા હતા કે અનેક ગુનેગારો તેમાં સામેલ હતા તે નક્કી કરવા માટે તપાસ ચાલી રહી છે.

બેટ યામના મેયર ત્ઝિવકા બ્રોટએ જણાવ્યું હતું કે સદભાગ્યે કોઈને ઈજા થઈ નથી કારણ કે બસો ખાલી હતી અને પાર્કિંગમાં પાર્ક કરેલી હતી.

# પૂર્વ મહિલા નગરસેવકને વોટસએપ પર ‘યુ આર લુકીંગ વેરી સ્માર્ટ કહેવું શખ્સને ભારે પડ્યું

**મુખ્ય સમાચાર, મુંબઈ**

પૂર્વ મહિલા નગરસેવકને વોટસએપ પર નયુ આર લુકીંગ વેરી સ્માર્ટ, આઈ લાઈક યુ અને યુ આર વેરી ફેરથજેવા વાંધાજનક મેસેજ મોકલનાર શખ્સને જેલની હવા ખાવી પડી છે.

મુંબઈની દિંડોશી સેશન કોર્ટે મેસેજના આ કથિત શબ્દોને મહિલાઓની ગરિમાનું અપમાન કરનાર માન્યા છે. સાથે જ કહ્યું કે આવા શબ્દો અપરાધની શ્રેણીમાં આવશે. કોર્ટે મામલા સાથે જોડાયેલ શખ્સની ૩ મહિનાની કેદને કાયમ રાખીને આ નિર્ણય આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે, બોરીવલી મેજીસ્ટ્રેટે વર્ષ ૨૦૨૨ માં શખ્સને આ સજા સંભળાવી હતી. સજા



સામે શખ્સે સેશન કોર્ટમાં અપીલ કરી હતી. એડીશ્નલ જજ ડી જે ઢોવલેને શખ્સની અપીલને ફગાવી જજના ફેસલાને યથાવત રાખ્યો છે.

મામલામાં જજે ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે કોઈ મહિલા શખ્સને ખોટા કેસમાં ફસાવીને પોતાની ગરિમા દાવ ન લગાવે. આ કેસમાં મેસેજથી મહિલાને પરેશાની, શરમજનક સ્થિતિનો સામનો કરવો પડયો હતો.

ઉલ્લેખનીય છે કે, જાન્યુઆરી ૨૦૧૬ માં મહિલા નગર સેવકનાં વોર્ડમાં પૂજા કરી હતી. તે દિવસે શખ્સે રાત્રે ૧૧-૩૦ વાગ્યે મહિલાના વોટસએપ પર મોટી સંખ્યામાં અશ્લીલ સંદેશ અને ફોટો મોકલ્યા હતા.

# બ્રેથ એનેલાઈઝરનો રિપોર્ટ શરાબ પીધાનો નિર્ણાયક પુરાવો નથીઃ પટણા હાઈકોર્ટ

## પટણા હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો : એફઆઈઆર અમાન્ય ગણાય

**મુખ્ય સમાચાર,ન્યુયોર્ક**

માત્ર બ્રેથ એનલાઈઝર ટેસ્ટના આધારે કોઈ વ્યક્તિએ દારૂ પીધો છે એવું ના કહી શકાય તેમ પટણા હાઈકોર્ટે એક ચુકાદામાં જણાવ્યું હતું. હાઈકોર્ટના જણાવ્યાં અનુસાર, બ્રેથ એનલાઈઝર ટેસ્ટ એ કોઈ વ્યક્તિએ દારૂ પીધો છે કે કેમ તે પુરવાર કરવાનો એકમાત્ર નિર્ણાયક પુરાવો નથી.

બિહાર પ્રોહિબિશન એન્ડ એક્સાઈઝ એક્ટ, ૨૦૧૬ અંતર્ગત માત્ર બ્રેથ એનલાઈઝર ટેસ્ટના રિપોર્ટના આધારે ફોજદારી કાર્યવાહી ના કરી શકાય અને માત્ર તેના આધારે દાખલ કરાયેલી એફઆઈઆર અમાન્ય ગણાય તેમ હાઈકોર્ટે જણાવ્યું હતું.જસ્ટિસ બિબેક ચૌધરીની અધ્યક્ષતાવાળી બેન્ચે જણાવ્યું હતું કે આ કેસમાં સત્તાવાળાઓએ સુપ્રીમ કોર્ટના નિરીક્ષણોને ધ્યાનમાં લીધાં વગર બ્રેથ એનલાઈઝર રિપોર્ટના આધારે એફઆઈઆર નોંધી છે, જેને અંતિમ પુરાવો ના કહી શકાય. કોર્ટે આ કેસમાં બચુભાઈ હસનઅલી કરયાણી વિ. મહારાષ્ટ્ર રાજ્ય (૧૯૭૧) ના કેસનો સંદર્ભ ટાંક્યો હતો જેમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, માત્ર આલ્કોહોલની ગંધ, લથડાતી ચાલ, બોલવામાં લોચા મારવા, આંખો ઢળી. પડવી જેવા લક્ષણોને આધારે જ શરાબ પીધો છે તે નક્કી ના કરવું જોઈએ. આ માટે નિર્ણાયક તબીબી તપાસ ફરજિયાત કરાવવી જોઈએ. બિહાર સરકારના નાણાં વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ તેમની વિરૂધ્ધ એક્સાઈઝ પોલીસ સ્ટેશન દ્વારા બિહાર





પ્રોહિબિશન એન્ડ એક્સાઈઝ એક્ટ, ૨૦૧૬ હેઠળ દાખલ કરાયેલા કેસને રદ કરવા કરાયેલી ફોજદારી અરજીની સુનાવણી દરમિયાન બેન્ચે ઉપરોક્ત નિરીક્ષણો રજૂ કર્યાં હતાં. કેસની વિગતો અનુસાર, મે, ૨૦૨૪માં એક્સાઈઝ ટીમે અરજદાર અધિકારીનો બ્રેથ એનલાઈઝર ટેસ્ટ કર્યો હતો. જેમાં રિપોર્ટમાં તેમના લોહીમાં આલ્કોહોલનું ૪૧ ળલ/૧૦૦ ળહ જેટલું પ્રમાણ મળી આવ્યું હતું. જેને પગલે તેમની ધરપકડ કરી તેમની વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરાઈ હતી. આ કેસમાં એક્સાઈઝ પોલીસે માત્ર બ્રેથ ટેસ્ટ પર જ આધાર રાખ્યો હતો અને આરોપીના લોહી કે યુરિનનો ટેસ્ટ કરાવ્યો નહોતો.

# રેલવે સ્ટેશનોમાં ટીકીટ ધરાવનારને જ પ્રવેશ આપવા વિચારણા

## અતિ વ્યસ્ત ૬૦ રેલવે સ્ટેશનોની ઓળખ : એરપોર્ટનાં ધોરણે એન્ટ્રી સહિતના વિવિધ વિકલ્પો પર વિચારણા

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

મહાકુંભમાં જવાની ભીડને કારણે દિલ્હી રેલવે સ્ટેશને ૧૮ લોકોનો ભોગ લેનારી દુર્ઘટનામાંથી બોધપાઠ લેવામાં આવ્યો હોય તેમ હવે દેશનાં ૬૦ મોટા બસ રેલ્વે સ્ટેશનોએ ટીકીટ વિનાના લોકોને એન્ટ્રી નહિં આપવા વિચારણા શરૂ કવામાં આવી છે. એરપોર્ટ પર માત્ર પ્રવાસી વ્યકિતઓને જ પ્રવેશ અપાય છે તેજ ધોરણે નિયમ લાગુ થવાની સંભાવના છે.

રેલવે વિભાગનાં સુત્રોએ કહ્યું કે, વ્યસ્ત રેલવે સ્ટેશનોએ ભીડ રોકવા વિવિધ વિકલ્પો વિચારણામાં છે. એક વિકલ્પ ટ્રેન આવવાનાં થોડા સમય પૂર્વે પ્રવેશ આપવાનો છે.બીજો વિકલ્પ ટીકીટ હોય તેવા પ્રવાસીઓને જ એન્ટ્રી આપવાનો છે.

મુખ્યત્વે ૬૦ વ્યસ્ત રેલવે સ્ટેશનોની ઓળખ કરવામાં આવી છે અને તેના માટે વિકલ્પો વિચારાય રહ્યા છે. એરપોર્ટમાં પ્રવેશતા પ્રવાસીઓનું જેમ એકથી વધુ વખત ચેકીંગ થાય છે તે જ ધોરણે વ્યવસ્થા ગોઠવવાનું આયોજન છે.

રેલવે સ્ટેશનોએ પ્રવાસીઓને બેસવા રહેવા માટે પણ સ્થળો ઉપસ્થિત કરાશે.સ્ટેશનમાં ગમે ત્યાં ડેરા તંબુ નાખતા રોકાશે. દિલ્હી, આનંદવિહાર, ગાઝીયાબાદ, વારાણસી, અયોધ્યા, જેવા સ્ટેશનો માટે એકશન પ્લાન પણ નકકી કરી લેવાયો છે.

રેલવે સ્ટેશનોને આધુનિક બનાવવા અમૃત ભારત સ્ટેશન સ્કીમ ચાલી



રહી છે તે પ્રોજેકટ હેઠળ જ આ સ્કીમ દાખલ થશે.હાલ દેશનાં ૧૨૭૫ રેલવે સ્ટેશનો પર આ સ્કીમ લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે. દિલ્હી રેલવે સ્ટેશને ભાગદોડમાં તાજેતરમાં જ ૧૮ લોકોના મોત થયા હતા. પ્રયાગરાજ જવા માટેની ટ્રેન પકડવા ભાગદોડ સર્જાતા આ દુર્ઘટના બની હતી.

મુસાફરોના ઘસારાને કારણે પ્રયાગરાજ માટે વધારાની ટ્રેન મુકાતા અને તેની જાહેરાતમાં ગેરસમજણથી ભાગદોડ મચી હતી. લોકોએ મુળ ટ્રેનને બદલે બીજી ટ્રેનમાં જવા ઘસારો કરી લીધો હતો કચડાઈ–ગુંગળાઈ જવાથી લોકોના મોત નીપજયા હતા.

# ગેર-ઉપનગરીય ખંડ પર અનરિઝર્વ્ડ ટિકિટના એડવાન્સ બુકિંગની સુવિધા

## પીક સીઝન દરમિયાન મુસાફરીને સરળ બનાવવા માટે એડવાન્સ ટિકિટ સુવિધા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પશ્ચિમ રેલ્વે તેના મુસાફરોને સુવિધાજનક અને મુશ્કેલી રહિત મુસાફરીનો અનુભવ આપવા માટે પ્રતિબદ્ધ છે.આ દિશામાં, રેલ્વે દ્વારા મુસાફરોને ગેર -ઉપનગરીય ખંડ પર ૨૦૦ કિમીથી વધુની મુસાફરી માટે ત્રણ દિવસ અગાઉ (મુસાફરીનો દિવસ સિવાય) અનરિઝર્વ્ડ ટિકિટ બુક કરવાની સુવિધા પૂરી પાડી રહી છે. આ સુવિધા અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ (ઞઝઞ) ના તમામ કાઉન્ટરો પર ઉપલબ્ધ છે, જેનાથી મુસાફરો માટે ટિકિટ બુક કરવાની સુવિધા અને સરળતા સુનિશ્ચિત કરે છે.



પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ પહેલનો ઉદ્દેશ્ય ટિકિટ કાઉન્ટરો પર ખાસ કરીને હોળી, દિવાળી, ઉનાળા/શિયાળાની રજાઓ, ક્રિસમસ અને અન્ય રજાઓ જેવી પીક ટ્રાવેલ સીઝન દરમિયાન ભીડ અને લાઈનો ઘટાડવાનો છે. પશ્ચિમ રેલ્વે મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ યૂટીએસ બુકિંગ વિન્ડો પર છેલ્લી ઘડીની ભીડ થી બચવા અને પરેશાની મુક્ત મુસાફરીનો આનંદ માણવા માટે આ એડવાન્સ બુકિંગ સુવિધાનો લાભ ઊઠાવે.

શ્રી વિનીતે માહિતી આપી હતી કે ઘણા મુસાફરો હજુ પણ આ સુવિધાજનક જોગવાઈથી અજાણ છે અને પશ્ચિમ રેલ્વે તેના વિશે જાગૃતિ ફેલાવવા માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. આ સુવિધા ખાસ કરીને લાંબા અંતરની મુસાફરી કરતા મુસાફરો માટે ફાયદાકારક છે, કારણ કે તે તેમને તેમની મુસાફરીનું આયોજન કરી શકે છે અને ટિકિટ પણ અગાઉથી બુક કરી શકે છે. આનાથી મુસાફરોને પીક ટ્રાવેલ સીઝન દરમિયાન રાહત મળશે.

મુસાફરોને તેમની મુસાફરીનું આયોજન અગાઉથી કરવા અને સરળ, તણાવમુક્ત અને આરામદાયક મુસાફરી અનુભવ માટે આ સુવિધાનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા કેસરબાગ લાઈબ્રેરી અને કેસરબાગનું નવનિર્માણ કાર્ય હાથ ધરાયું

## નવનિર્માણ થયા બાદ મોરબીવાસીઓ લાઈબ્રેરી સેવાનો મહત્તમ લાભ મેળવે તેમ મનપા તંત્રનો અનુરોધ

**મુખ્ય સમાચાર,મોરબી**


મોરબી મહાનગરપાલિકા દ્વારા શાકમાર્કેટ અને કેસરબાગ ખાતે લાઈબ્રેરીનું સંચાલન કરવામાં આવે છે. જેમાં મોરબી-૨ માં આવેલ કેસરબાગ લાઈબ્રેરીમાં અત્યારે રેનોવેશનની કામગીરી ચાલી રહી છે. લાઈબ્રેરીની બહારની સાઈડ અને અંદરની સાઈડ પ્લાસ્ટર તેમજ લાઈબ્રેરીની અંદરની ડબલ ચાર્જ ટાઈલ્સ, ધાબા પર ચાઈના મોઝેકનું કામ ચાલી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે હાલમાં બંને લાઈબ્રેરીનો સમય સવારના ૦૮:૦૦ કલાકથી બપોરના ૧૨:૦૦ કલાક તેમજ સાંજના ૦૪:૦૦ કલાકથી ૦૭:૦૦ સુધીનો રહેશે. તેમજ લાઈબ્રેરીનું વાર્ષિક લવાજમ રૂ.૧૦૦ જેટલું રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત હાલમાં કેસરબાગમાં અન્ય જનરલ રેનોવેશનનું કામ જેમ કે કબિંગનું પ્લાસ્ટર વર્ક, ખરાબ બાંકડાનું રીપેરીંગ કામ, ગેટ રેનોવેશન, પેવર બ્લોક રીપેરીંગનું કામ તેમજ કમ્પાઉન્ડ વોલનું રીપેરીંગ કામ ચાલી રહ્યું છે.



મોરબી શહેરની જાહેર જનતા લાઈબ્રેરીનો મહત્તમ ઉપયોગ કરે, મોરબી મહાનગરપાલિકાને લાઈબ્રેરી માટે મહત્તમ લવાજમ મળે જેથી લાઈબ્રેરીનો વધુ વિકાસ થાય, મોરબીની જનતા લાઈબ્રેરીના પુસ્તકનો વધુ ઉપયોગ કરે તેમ મહાનગરપાલિકા તંત્ર દ્વારા તમામ નગરજનોને અપીલ કરવામાં આવી છે. તેમ મોરબી મહાનગરપાલિકા નાયબ કમિશનરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# હળવદ રોડના સિરામિક ઉધોગકારોનુ પ્રશંસનીય અને પ્રેરણાદાયી કાર્ય,આર્થિક સહાય દ્વારા માનવતાનું ઉત્તમ ઉદાહરણ



હળવદ રોડના ઉદ્યોગકારોએ ગંભીર બીમારીમાં મૃત્યુ પામેલા ઉંચી માંડલના રહેવાસીની બન્ને દિકરીઓને લગ્ન માટે એક લાખની સહાય કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.મોરબી જીલલાના હળવદ રોડ ઉપર આવેલ ઉંચી માંડલ ગામના રહેવાસી કોળી સમાજના રમેશભાઈ કરશનભાઈ થરેસાનુ ગંભીર બિમારીથી મૃત્યુ થયુ હતું. પિતાની છત્રછાયા ગુમાવેલ દિકરીઓ મોનિકાબેન અને ધર્મિષ્ઠાબેનના લગ્ન પ્રસંગે હળવદ રોડના સિરામિક ઉદ્યોગકારોએ પ્રેરણાદાયી કાર્ય કર્યુ હતું. જેમાં સિરામિક ઉદ્યોગકારોએ માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા બંને દિકરીઓને એક-એક લાખ રૂપિયાની ધનરાશિ કરિયાવર રૂપે અર્પણ કરી હતી. આ કાર્ય માટે સિરામિક ઉદ્યોગપતિ નરભેરામભાઈ સરડવા (એકોર્ડ ગૃપ), સંજયભાઈ માકાસણા (નિલસન ગૃપ) તેમજ નરેન્દ્રભાઈ સંઘાત (લેક્સિકોન ગૃપ) એ જહેમત ઊઠાવી હતી. આ પ્રસંગે ઉચીમાડલ ગામના સરપંચ તેમજ સામાજિક આગેવાનો પણ હાજર રહ્યા હતા. આ સહાય દ્વારા સમાજમાં એકતા અને સહાનુભૂતિનો મહત્ત્વનો સંદેશો આપવામાં આવ્યો છે.

# મોરબીમાં વિશ્વ સમરસતા દિવસ નિમિત્તે મોરબી વાલ્મીકિ સમાજના કર્મયોગીઓનું સન્માન

## સફાઈ કામદાર ભાઈઓ-બહેનોને ફૂલહાર તથા મિઠાઈથી સન્માનિત કરી શુભેચ્છા પાઠવાઈ



વિશ્વ સમરસતા દિવસ નિમિત્તે મોરબી નગરપાલિકા અને મોરબી જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મંત્રી દ્વારા વાલ્મીકિ સમાજના કર્મયોગી ભાઈઓ-બહેનોનું ફલહાર અને મિઠાઈથી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારે પૂર્વ કાઉન્સિલરે સુરેશભાઈ શિરોહીયા અને જશવંતીબેન શિરોહીયાએ શુભેચ્છા પાઠવી હતી. મોરબીમાં વિશ્વ સમરસતા સદભાવના અને સામાજિક ન્યાય દિવસ નિમિત્તે મોરબી વાલ્મીકિ સમાજના સફાઈ કામદાર કર્મયોગી ભાઈઓ-બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. મોરબી જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મંત્રી અને મોરબી નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલર સુરેશભાઈ શિરોહીયા અને જશવંતીબેન શિરોહીયા દ્વારા સફાઈ કર્મચારીઓનું ફલહાર કરીને તથા પેંડા ખવડાવી સન્માન કરી વિશ્વ સમરસતા સદભાવના સામાજિક ન્યાય દિવસ નિમિત્તે શુભેચ્છો પાઠવવામાં આવી હતી.

# મોરબીના કાલીકા નગર ખાતે મહામંડલેશ્વર રત્નેશ્વરીદેવીના ભવ્ય સામૈયા

## મહામંડલેશ્વર પદવી મેળવનાર રત્નેશ્વરીદેવીનું ભવ્ય સ્વાગત




મહાકુંભ પ્રયાગરાજ ખાતે મહામંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ રત્નેશ્વરીદેવીને મહામંડલેશ્વર પદવી અર્પણ કરાઈ હતી. તેમના સન્માનમાં મોરબીના કાલીકા નગરમાં ભવ્ય સામૈયા કરવામાં આવ્યા હતા. મહાકુંભ પ્રયાગરાજ ખાતે શ્રી શ્રી ૧૦૦૮ રત્નેશ્વરીદેવીને મહામંડલેશ્વર પદવી આપી સન્માન કરવામાં આવ્યું હતું જે અવસરે મોરબીના કાલીકાનગર ગ્રામજનો દ્વારા પૂજ્ય મહામંડલેશ્વર રત્નેશ્વરીદેવીનું સંતો, મહંતો અને ભક્તોની ઉપસ્થિતિમાં ભવ્ય સામૈયા કરવામાં આવ્યા હતા જેમાં સદગુરુઓ, સંત-મહંતો અને ભક્તગણોએ ઉમંગભેર ભાગ લીધો હતો. ત્યારે આ પવિત્ર અવસરે મોરબીના જલારામ મંદિર દ્વારા નાના બાળકો માટે બટુક ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી તેમજ ઠાકરશીબાપા પાંચોટીયા દ્વારા દરેક બાળકોને દક્ષિણા અર્પણ કરવામાં આવી હતી.

# મોરબી જીલ્લામાં તા.30 જાન્યુઆરીથી તા.૧૩ ફેબ્રુઆરી સુધી રક્તપિત્ત જાગૃતિ અભિયાન હાથ ધરાયું



સમગ્ર દેશ સહિત રાજય અને મોરબી જીલ્લામાં ગત તારીખ 30 જાન્યુઆરીથી તા. ૧૩ ફેબ્રુઆરી સુધી રક્તપિત જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. નસ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પઈન-૨૦૨૫થ અંતર્ગત પચાલો સૌ સાથે મળીને જાગૃતિ લાવીએ, ગેરસમજ દૂર કરીએ અને રક્તપિત્ત ગ્રસ્ત વણશોધાયેલા ના રહે તે સુનિશ્ચિત કરીએથ તે થીમ નિર્ધારિત કરવામાં આવી હતી. આ પસ્પર્શ રક્તપિત્ત જાગૃતિ અભિયાનથ અંતર્ગત તારીખ 30 જાન્યુઆરીથી તારીખ ૧૩ ફેબ્રુઆરી સુધી મોરબી જીલ્લાના દરેક ગામમાં રક્તપિત્ત અંગે વિવિધ માધ્યમો થકી જાણકારી આપવામાં આવી હતી. જેમાં ભીંતસૂત્ર, રેલી, પોસ્ટર, બેનર, શાળા કોલેજોમાં સ્પર્ધા, ટોક શો, આશા બહેનો અને આરોગ્ય કાર્યકરોની લાભાર્થીઓની ગૃહ મુલાકાત દરમિયાન રૂબરૂ લોક જાગૃતિના મહતમ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા અને સોશિયલ મીડિયા દ્વારા પણ પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો. ૧૫ દિવસ સુધી ચાલેલા આ અભિયાન દરમિયાન રક્તપિત અંગે આ વર્ષની થીમ મુજબ પ્રચાર પ્રસાર કરાયો હતો તથા રક્તપિત્ત નાબૂદી અંગે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. જેમાં રક્તપિત્તના દર્દીઓ પ્રત્યે સંવેદના રાખી તેઓની કાળજી લેવામાં આવે તેમજ તેની સાથે કોઇ ભેદભાવ ના થાય તે ખાસ સંદેશ આપવામાં આવ્યો હતો. મોરબી જિલ્લાના તમામ નાગરિકોની આ પ્રકારની પ્રવૃત્તિઓ માટે સહભાગીદારી વધે તે માટે જિલ્લા રક્તપિત્ત અધિકારીશ્રી, મોરબી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જામનગરમાં સૌરાષ્ટ્ર ઝોન કક્ષાની બહેનોની બાસ્કેટબોલ સ્પર્ધા યોજાઈ



ગુજરાત રાજ્ય સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા રમત ગમત અધિકારી, જામનગર શહેર દ્વારા સંચાલીત ખેલ મહાકુંભ ૩.૦ ૨૦૨૪-૨૫ અંતર્ગતઝોનકક્ષા(સૌરાષ્ટ્રઝોન) ની બાસ્કેટબોલ અન્ડર ૧૪ વયજૂથની બહેનોની સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધાનું આયોજન તા.૧૫ થી ૧૭ ફેબ્રુઆરી દરમિયાન બાસ્કેટબોલ કોર્ટ,જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જિલ્લા પંચાયતની સામે જિલ્લા રમત ગમત અધિકારી જામનગર શહેર દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ સ્પર્ધામાં સૌરાષ્ટ્રઝોનમાં આવતા જુદા-જુદા જિલ્લાઓની વિજેતા કુલ ૧૪ બહેનોની ટીમો એમ કુલ ૧૬૮ ખેલાડીઓએ ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે ભાવનગર શહેરની અને દ્વિતીય ક્રમે કચ્છ જિલ્લાની ટીમ વિજેતા થઈ હતી. જેઓ રાજ્યકક્ષાની બાસ્કેટબોલ સ્પર્ધામાં ભાગ લેશે. તેમ જિલ્લા રમત ગમત અધિકારી જામનગર શહેરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# હળવદ નગરપાલિકામાં ભાજપનો ભાગવો લહેરાતા ચૂંટણી ઈન્ચાર્જ અજયભાઈ રાવલે કાર્યકરો તથા મતદારોનો આભાર માન્યો

## ચૂંટણી ઈન્ચાર્જ અજયભાઈ રાવલના નેતૃત્વમાં નગરપાલિકામાં ૨૮ સીટમાંથી ૨૭ સીટ પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોએ ભવ્ય વિજય મેળવ્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

હળવદ નગરપાલિકાની ચૂંટણી આ વખતે ચાર પાખીયો જંગ ખેલાયો હતો જેમાં ભાજપ ઉપરાંત કોંગ્રેસ આપ અને બહુજન સમાજ પાર્ટી સહીતના ૨૮ બેઠકો માટે ૭૦ થી વધુ ઉમેદવારો મેદાનમાં હતા. ચૂંટણી પહેલાથીજ હળવદ નગરપાલિકા પર ભારતીય જનતા પાર્ટીનો દબદબો રહેશે અને ૨૮ માંથી ૨૮ બેઠક ભારતીય જનતા પાર્ટી કબજે કરશે તેવું ચૂંટણી ઈન્ચાર્જ અજયભાઈ રાવલ એ મીડિયા સમક્ષ કહ્યું હતુ જે હુંકાર દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી કરેલા વિકાસના કાર્યો અને કાર્યકરોની મહેનતના લીધે તેમને વિરોધ પક્ષને ખુલ્લી ચેલેન્જ આપી હતી. અને સાથે સાથે તેમને એડવાન્સ માં કહ્યું હતુ





કે ૧૮ તારીખે ચૂંટણીના પરીણામ દિવસે નગરપાલિકાની તમામ બેઠકો પર ભાજપનો ભગવો લેહારશે તેવી ખુલ્લી ચેલેન્જ આપી હતી. ત્યારે નગરપાલિકાની ૨૮ માંથી ૨૭ બેઠક પર ભાજપનો ભવ્ય વિજય થયો છે.

આ ભવ્યજીતના સહભાગી બનેલા ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ જયંતીભાઈ કવડિયા,સુરેન્દ્રનગર જિલ્લા સાંસદ ચંદુભાઈ શિહોરા, હળવદ પાટીદાર સમાજના પ્રમુખ જશુભાઈ પટેલ,હળવદ ધાંગધ્રા ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા,મોરબી જિલ્લા ભાજપ પ્રમુખ રણછોડભાઈ દલવાડી, એપીએમસી ચેરમેન રંજનીભાઈ સંઘાણી,દાદાભાઈ ડાંગર તેમજ આ વિસ્તારના તમામ હોદેદારો, રાજકીય આગેવાનો, તમામ શ્રેણીના કાયકતોઓ, શહેરના સવે મતદાતાઓ નો આભાર વ્યક્ત કર્યો હતો. ભારતીય જનતા પાર્ટી એક મજબુત સ્વનિર્ભર અને સમૃદ્ધ ભારત બનાવા માટે કટીબદ્ધ છે હળવદ નગરપાલિકાની ૨૮ માંથી ૨૭ બેઠક પર ભાજપનો ભોગવો લેરાવી પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારા અને વિકાસની રાજનીતિને સમર્થન આપી ભવ્ય લીડ થી ભાજપના ઉમેદવારોને વિજય બનાવવા સહભાગી બનેલા હળવદ શહેરના ભારતીય જનતા પાર્ટીના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ અને હોદ્દેદારો તેમજ શહેરના તમામ મતદાતાઓનું જાહેર આભાર હળવદ નગરપાલિકા ચુંટણી ઈન્ચાર્જ અને હળવદ શહેર ભાજપ પુર્વ પ્રમુખ અજયભાઈ રાવલે આભાર વ્યક્ત કર્યો હતો

**રિપોર્ટ રમેશ ઠાકોર હળવદ**

# આર.કે. પાર્કમાં બોગસ તબીબે ઘુંટણની સારવારના વૃદ્ધ પાસેથી ૬ લાખ ખંખેર્યા

## વાપી જતાં દંપતિને રસ્તામાં મળેલા શખ્સે તબીબનું વીઝીટીંગ કાર્ડ આપી છેતરપીંડી કરી જાળમાં ફસાવ્યા'તા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગોઠણની સારવારના બહાને વૃદ્ધ દંપતી સાથે ૬ લાખની ઠગાઈ થઈ છે. કાલાવડ રોડ આર.કે, પાર્કમાં રહેતા ગૌરીબેનને ગોઠણની તકલીફ હોય, હાઈવે પરની બે જુદી જુદી હોટલે બે જુદા જુદા લોકો મળ્યાં અને ડો. જરીવાલાની સારવારથી ૧૦૦ ટકા સારુ થઈ જશે તેવી વાતોમાં ફસાવ્યા હતા. રાજકોટ તાલુકા પોલીસમાં આ અંગે ગે ગુનો નોંધાયો છે. સવજીભાઈ હરીભાઈ પટેલ (ઉ.વ.૭૦, રહે. -૨૬- આર.કે, પાર્ક રાણી ટાવરની પાછળ કાલાવડ રોડ રાજકોટ)એ ફરિયાદમાં જણાવ્યું કે, હું ૧૫૦ ફૂટ રિંગ રોડ ખાતે, બીગબજાર ઈસ્કોન મોલમાં ત્રીજા માળે ચેમ્પીયન સોફ્ટવેર ટેકનોલોજી લીમીટેડ નામે ઓફીસ ધરાવી આઈ.ટી. સોફ્ટવેરને લગતુ કામકાજ કરું છું. ગત તા. ૨૪/૧૧/૨૦૨૪ ના રોજ સવારના સાતેક વાગ્યાની આસપાસ હુ તથા મારા પત્નિ ગૌરીબેન, મારા ડ્રાઈવર દીપકભાઈ ચૌહાણ અમારી કાર લઈને અમારા ઘર રાજકોટથી વાપી જતા હતા ત્યારે બપોરના દોઢેક વાગ્યા આસપાસ અમો જમવા માટે વડોદરાથી આગળ ગિરનાર હોટેલમાં રોકાયેલ હતા. હોટેલમાંથી બહાર નિકળતા હતા ત્યારે મારા પત્નિ ગૌરીબેનને ઘુંટણમાં

છેલ્લા ત્રણેક વર્ષથી દુઃખાવો થતો હોવાથી તેમને ચાલવામાં થોડી તકલીફ પડતી હોય જે જોઈને ત્યાં હોટેલ પર એક અજાણ્યો વ્યક્તિ અમારી પાસે આવેલ અને કહેવા લાગેલ કે સાહેબ બેનને ચાલવામાં તકલિફ છે? જેથી અમોએ કહેલ કે હા બે-ત્રણ વર્ષથી પગમાં દુઃખાવો થાય છે. સામાવાળા વ્યક્તિએ પોતાનુ નામ મહેશ્વરી હોવાનું બતાવેલ હતું. બાદમાં તેઓએ જણાવેલ કે, ૧. મુંબઈ ખ મુંબઈ ખાતે ડો. જરીવાલા છે જે આવા પગના દુઃખાવાનો ઉપચાર કરી આપે છે. અમોએ પણ અમારા બહેન તથા મારી માતાનો આ ડો.જરીવાલા પાસે ઉપચાર કરાવેલ હતો. જેથી સો ટકા સારૂ થઈ ગયેલ હતું. આ વ્યક્તિએ ડો. જરીવાલાનું વિઝીટીંગ કાર્ડ અમારા ડ્રાઈવર દીપકભાઈ ચૌહાણના વ્હોટસએપમાં મોકલી આપેલ હતું. તા.૨૭/૧૧/૨૦૨૪ ના રોજ વાપીથી રાજકોટ જવા માટે નીકળેલ. ભરૂચથી વડોદરા વચ્ચે આવેલ શિવકૃપા હોટેલ ખાતે નાસ્તો કરવા માટે રોકાયેલ. હોટેલની બહાર નીકળતા હતા ત્યાં મારા પત્નીને ચાલવાની તકલીફ થતી હોય, તે જોઈને એક અજાણ્યો વ્યક્તિ અમારી પાસે આવેલ અને કહેવા લાગેલ બેનને ઘુંટણની તકલીફ છે ? જેથી અમોએ હા પાડેલ તો આ સામાવાળા વ્યક્તિએ

પોતાનુ નામ સંજયભાઈ અગ્રવાલ જણાવી વાત કરેલ કે, મુંબઈ ખાતે ડો. જરીવાલા છે. જે આવા પગના દુઃખાવાનો ઉપચાર કરી આપે છે. અમારા સંબંધીઓએ સારવાર કરાવેલ. તેઓને પણ સૌ ટકા સારૂ થઈ ગયેલ છે. તે સંજયે પણ ડો.જરીવાલાનો મોબાઈલ નંબર આપેલ હતા.વધુમાં સવજીભાઈએ કહ્યું કે, ત્યારબાદ મારા દીકરી જયશ્રીબેન પણ વ્યવસાયે ડોકટર હોય, તેમણે ફોન પર ડો. જરીવાલા સાથે વાતચીત કરેલ. તા.૧/૧૨/૨૦૨૪ ના રોજ બપોરના હું તથા મારા પત્ની તથા મારા દિકરી જયશ્રીબેન બધા ઘરે હાજર હતા ત્યારે આ ડો. જરીવાલા અમારા ઘરે આવેલ. ડો. જરીવાલાએ મારા પત્નીના ઘુંટણ તપાસી અને કહેલ કે ઘુંટણમાં રસી થઈ ગયેલ છે. જે રસી બહાર કાઢવી પડશે. જેમાં રસીનું એક ટીપુ કાઢવાના રૂ.૮,૦૦૦ થશે જેથી મેં પૂછેલ કે અંદાજે કેટલા ટીપા નીકળશે તો આ ડો.જરીવાલાએ જણાવેલ કે અંદાજીત પંદર થી વીસ ટીપા જેવુ નીકળશે. જેથી મેં તેઓને રસીના ટીપા કાઢવાની હા પાડેલ અને બાદમાં આ ડો. જરીવાલાએ ઈન્જેક્શન તથા એક પાઈપ વડે એક પછી એક કરી એક કલાકમાં અંદાજે ૮૦ જેટલા રસીના ટીપા કાઢેલ હતા. તેઓએ કહેલ

કે ૮૦ ટીપાના રૂ.૮,૦૦૦ લેખે કુલ રૂ૬,૪૦,૦૦૦ થશે તેમ વાત કરેલ અને ત્યારબાદ અમોએ થોડુ વ્યાજબી કરી આપવાનું કહેતા તેઓએ કહેલ કે તો સારૂ રૂ.૬,૦૦,૦૦૦ આપી દેજો. જેથી રૂ.૨ લાખ રોકડા અને ડો. જરીવાલાના કહેવાથી રૂ. ૪ લાખ ખાતા ધારક ગુરફાન મહમંદ નુરાદીન અંસારીના બેંકના ખાતામાં ટ્રાન્સફર કરી આપેલ. થોડા દીવસ મારા પત્ની ગૌરીબેનને ઘુંટણમાં સારૂ રહેલ અને બાદમાં થોડા દીવસ બાદ ફરી દુઃખાવો શરૂ થઈ જતા ડો.જરીવાલાનો સંપર્ક કરતા ફોન સ્વીચ ઓફ આવતો હતો. વિઝીટીંગ કાર્ડમાં જણાવેલ સરનામે તપાસ કરતા આવા કોઈ ડોકટર નહીં હોવાનું જાણવા મળેલ હતું. આમ, મહેશ્વરી નામના વ્યક્તિએ ડો. જરીવાલાનું વિઝીટીંગ કાર્ડ આપી, સંજયભાઈ અગ્રવાલ નામધારી વ્યક્તિએ ડો.જરીવાલાનો મોબાઈલ નંબર આપી પોતાનો સમાન ઈરાદો પાર પાડવાના ઉદ્દેશથી આ ડો. જરીવાલાનો સંપર્ક કરાવેલ. છેતરપીંડી થઈ હોવાનું જણાતા અમે પોલીસ ફરિયાદ કરી હતી. રાજકોટ તાલુકા પોલીસે ફરિયાદ પરથી ત્રણેય સામે ગુનો દાખલ કરી શોધખોળ હાથ ધરી છે.

# માળીયા(મી)ના અજીયાસર ગામે ૪૩૫૦ લીટર ઠંડો આથો, દેશી દારૂનો જથ્થો ઝડપાયોઃ બુટલેગર ફરાર

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી) પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીને આધારે લીસ્ટેડ બુટલેગરની દારૂ ઉતારવાની જગ્યાએથી ૩૫૦ લીટર દેશી દારૂ અને દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ૪ હજાર લીટર ઠંડો આથાનો જથ્થો ઝડપી લેવાયો, આ સાથે અગાઉ પકડાયેલ બુટલેગર આરોપી રેઈડ દરમિયાન હાજર મળી ન આવતા આરોપીને વોન્ટેડ જાહેર કરી માળીયા(મી) પોલીસે આગળની તપાસ ચલાવી છે.

માળીયા(મી)પોલીસ ટીમે તાલુકાના અંજીયાસર ગામની સીમમાં પ્રોહીબીશન કેસમાં અગાઉ પકડાયેલ સમીર મોવર રહે.અંજીયાસર વાળાની દેશીદારૂ ઉતારવાવાળી જગ્યાએ રેઈડ કરી હતી, ત્યારે પોલીસે સ્થળ ઉપરથી દેશીદારૂ લીટર ૩૫૦ તથા દેશી દારૂ બનાવવાનો આથો લીટર ૪૦૦૦



કિ.રૂ.૧.૭૦ લાખનો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે આરોપી સમીર હનીફભાઈ મોવર રેઈડ દરમિયાન સ્થસલ ઉપર હાજર મળી નહીં આવતા તેને ફરાર દર્શાવી માળીયા(મી) પોલીસે આરોપીને પકડવા તપાસની ગતિવિધિ ગતિમાન કરી છે.

# જામનગર જિલ્લામાં ૨૦ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ સુધી બી.પી અને ડાયાબીટીસના દર્દીઓની નોંધણી માટે મેગા ઝુંબેશનું આયોજન

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લામાં ૨૦ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ સુધી બી.પી અને ડાયાબીટીસના દર્દીઓની નોંધણી માટે મેગા ઝુંબેશનું આયોજન.આરોગ્ય વિભાગ દ્વારા ૩૦ વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકો માટે નોંધણી અને નિઃશુલ્ક ચકાસણી કરવામાં આવશે.આરોગ્યની ટીમ લોકોના ઘર આંગણે પહોંચી સ્ક્રીનિંગ અને નિદાન કરશે.જામનગર. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્ય સાથે જામનગર જિલ્લામાં ૨૦મી ફેબ્રુઆરી ૨૦૨૫ થી ૩૧મી માર્ચ ૨૦૨૫ સુધી બ્લડ પ્રેશર (બી.પી) અને ડાયાબીટીસ (સુગર)ના દર્દીઓની મેગા નોંધણી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. એન.પી-એન.સી.ડી. પ્રોગ્રામ અંતર્ગત બિન ચેપી રોગોના સ્ક્રીનિંગ, નિદાન અને



સારવાર માટે ખાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેનો લાભ જામનગર જિલ્લાના ૩૦ વર્ષથી વધુ ઉંમરના નાગરિકો લઈ શકશે.આ ઝુંબેશ હેઠળ નિઃશુલ્ક બ્લડ પ્રેશર અને ડાયાબીટીસની ચકાસણી, શંકાસ્પદ દર્દીઓનું તાત્કાલિક નિદાન અને દવા ઉપલબ્ધતા તેમજ ઘરે-ઘરે આરોગ્ય ટીમ દ્વારા તપાસની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.ક્યાં અને કેવી રીતે નોંધણી કરાવશો?.તમારા નજીકના આરોગ્ય કેન્દ્ર, જિલ્લા હોસ્પિટલ, સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અથવા આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે નોંધણી કરાવી શકો છો.આશા કાર્યકર , આરોગ્ય કર્મચારીઓ અને આયુષ્માન આરોગ્ય મંદિરની ટીમ ઘરે-ઘરે આવી નોંધણી કરશે.આ માહિતી સંપૂર્ણપણે ગુપ્ત રહેશે.૩૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના દરેક નાગરિકે વર્ષમાં બે વાર બી.પી અને ડાયાબીટીસની ચકાસણી કરાવવી જરૂરી છે. આ સેવા સંપૂર્ણપણે નિઃશુલ્ક છે.

# રાજકોટ, લોધિકા, મોરબીમાં નવી સબ રજિસ્ટ્રાર કચેરી બનશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મહેસૂલી સેવાઓ નાગરિકોને સરળતાથી અને ત્વરિત મળી રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. ખેડૂત દ્વારા તેની એકમાત્ર બચત રહેતી ખેતીની જમીન પણ જો બિનખેતી કરાવે તો પણ ખેડૂત પ્રમાણપત્ર મેળવી શકશે તેવો પ્રજાલક્ષી નિર્ણય કરવામાં આવેલ છે. તેમાં સરકારે મહેસુલ વિભાગને રૂ.૫૪૨૭ કરોડની જોગવાઈ કરાઈ છે.

રાજ્યમાં સ્વામિત્વ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં ૭૨૨૧ ગામોના ૧૨ લાખથી વધુ મિલકતોના પ્રોપર્ટીકાર્ડ તૈયાર કરી સમગ્ર દેશમાં ફેઝ-૨ માં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમે છે.સાબરકાંઠાના હિંમતનગર ખાતે નવી કલેક્ટર કચેરી અને વેરાવળ, પોરબંદર, દ્વારકા, ભચાઉ, વઢવાણ, બાયડ, આંકલાવ, સોજીત્રા, નડિયાદ, લુણાવાડા, જલાલપોર, સાગબારા અને ઉમરપાડા ખાતે નવા મહેસૂલી ભવનોના બાંધકામ, અંજાર-કચ્છ અને ઊંઝા-મહેસાણા ખાતે સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટની નવી કચેરીઓના બાંધકામ અને અમદાવાદ શહેર, સાણંદ, દેત્રોજ, રાધનપુર, રાજકોટ શહેર, લોધિકા, મોરબી, અંકલેશ્વર અને ઉમરગામ ખાતે નવી સબ-રજીસ્ટ્રાર કચેરીઓના બાંધકામ માટ રૂ.૬૬ કરોડની જોગવાઈ.

ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગથી મહેસૂલી સેવાઓના વિવિધ પોર્ટલના અપગ્રેડેશન અને આઈ.ટી. સાધન-સામગ્રીની ખરીદી માટે રૂ.૮૭ કરોડ નાગરિકોને મહેસૂલી સેવાઓ ઝડપી પૂરી પાડવા વિવિધ કચેરીઓ માટે ૨૩૦ નવી જગ્યાઓ ઊભી કરવા રૂ.૧૫ કરોડ અને રાજ્ય આપત્તિ શમન નિધિમાંથી ઈમરજન્સી રિસ્પોન્સ માટે પૂર નિયંત્રણ અને ફાયરને લગતા



સાધનોની ખરીદી સહિત ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે રૂ.૪૨૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજય સરકારે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે રૂ.૬૭૫૧ કરોડની જોગવાઈ કરી છે. તેમાં ખેડૂતોને દિવસે વીજળી આપવાની કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત રૂ.૨૧૭૫ કરોડ, આદિજાતિ તથા અન્ય વિસ્તારોમાં નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે રૂ.૯૮૭ કરોડ, સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે રૂ.૧૩૨ કરોડ અને નવા સબ સ્ટેશનો સ્થાપવા માટે રૂ.૨૫૦ કરોડ, રાજ્યમાં ઈલેક્ટ્રિક વ્હિકલ(ઊટ) ચાર્જીગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓના વિકાસ માટે રૂ. ૫૦ કરોડ અને રિવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સ્કીમ અંતર્ગત વીજ વિતરણ વ્યવસ્થાના સુદ્રઢીકરણ માટે માળખાકીય સુવિધાઓના અપગ્રેડેશન અને સ્માર્ટ મીટરની યોજના માટે રૂ.૯૩૬ કરોડની જોગવાઈ કરાઈ છે.

# દશનામ ગોસ્વામી સમાજ દ્વારા મહાશિવરાત્રીને દિવસે ભવ્ય શિવ રથયાત્રા નીકળશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દેવા ધી દેવ મહાદેવ નો મહાપર્વ એટલે મહાશિવરાત્રી.. આગામી મહાશિવરાત્રી તા ૨૬/૨/૨૫, બુધવારના રોજ આ પાવન પર્વે ને ઉજવવા શ્રી દશનામ ગોસ્વામી સમાજ, શિવ રથયાત્રા સમિતિ રાજકોટ દ્વારા આયોજિત સનાતન હિન્દુધર્મ શિવ રથયાત્રાનુ સતત ૧૩ મા વર્ષે આયોજન થવા જઈ રહ્યું છે. આ મહાયાત્રાની રાજકોટ તેમજ રાજકોટની આજુબાજુના તમામ વિસ્તારના ધર્મ પ્રેમી લોકો આતુરતા પૂર્વક રાહ જોતા હોય છે. આવી વિશાળ લોક ચાહના ધરાવતી શિવજી ની યાત્રા ને ભવ્ય બનાવવા મા શિવ રથયાત્રા સમિતિ ક્યારેય કોઈ કચાસ રાખતી નથી. આ વર્ષે યાત્રા ના મુખ્ય ધર્મ રથમાં બારમી જ્યોતિર્લિંગ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

એવા દાદા ધુષ્ણેશ્વર બિરાજમાન થશે. દાદા ને રીઝવવા વિવિધ ધર્મ સભર કાર્યક્રમો થશે.

આ મહાયાત્રામાં રાજસ્થાની લોક નૃત્યકારો, નાસિક ઢોલ મંડળી, રામ દિવાના જાકે ગ્રુપ-જયપુર (રાજસ્થાન), થાનની પ્રખ્યાત રાસ મંડળી, અઘોરીના પહેરવેશમાં શિવ ગણો તેમજ દેશ આખા મા વિખ્યાત એવી ગોપાલ ગૌશાળા ખેરડી ના કલાકારો મહાદેવને રીઝવવા પોતાની કૃતિઓ રજૂ કરશે. હાથી, ઘોડા અને ઊંટની સવારીઓ સાથે ચાલશે. લાઈટિંગવાળી ઈલેક્ટ્રિક છત્રીઓ સાથે યાત્રા મા અનેરી ઝગમગાટ જોવા મળશે. વિશેષ રૂપે તૈયાર કરાયેલ મુખ્ય રથ સાથે દાદાના બાર જ્યોતિર્લિંગ ના દર્શન નો લ્હાવો મળશે. હજારોની સંખ્યામાં યુવા બાઈક સવારો અગ્ર હરોળમાં રહેશે. નાના મોટા, સૌ કોઈ દાદા ના સાનિધ્યમાં પગપાળા ચાલતા ધન્યતા નો અનુભવ પ્રાપ્ત કરશે. ઉપરાંત વિવિધ સંસ્થાઓના ધાર્મિક તેમજ સામાજિક ફ્લોટ્સ તો ખરાજ. તો આવો આવી ભવ્ય, દિવ્ય અને અદભૂત શિવ રથયાત્રા મા જોડાઈ ને મહાદેવ ના ગુણગાન ગાઈએ.

# રેલ્વે સેફ્ટી માં શ્રેષ્ઠ કામગીરી બદલ ડીઆરએમ દ્વારા રાજકોટ ડિવિઝનના ૬ કર્મચારીઓનું સન્માન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રેલ્વે સેફ્ટીમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ રાજકોટ ડીવીઝનના ૬ કર્મચારીઓનું આજે રાજકોટ ડીવીઝન રેલ્વે મેનેજર અશ્વનીકુમાર દ્વારા ડીઆરએમ કચેરી રાજકોટના કોન્ફરન્સ રૂમમાં પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ રાજકોટ ડિવિઝનના ટ્રાફિક, વિદ્યુત વિભાગ (ટ્રેકશન) અને એન્જિનિયરિંગ વિભાગના કર્મચારીઓને નવેમ્બર અને ડિસેમ્બર ૨૦૨૪ મહિનામાં રેલવે સુરક્ષામાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ આપવામાં આવ્યો છે. એવોર્ડ મેળવનાર કર્મચારીઓમાં જયેશ વી (પોઈન્ટ્સમેન- ચમારજ), દિલીપ બી (પોઈન્ટ્સમેન-ચમારજ), નીતિશ કુમાર (પોઈન્ટ્સમેન- રાજકોટ), ધવલ



વસોયા (સ્ટેશન માસ્તર-જાલિયાદેવાણી), ગુલશન કુમાર (ગેટમેન ગેટ નંબર ૨૧) અને સંતલાલ (લોકો પાઈલોટ ગુડ્સ મોરબી)નો સમાવેશ થાય છે. ટ્રેનના સંચાલન દરમિયાન, ઉપરોક્ત રેલ્વે કર્મચારીઓએ ટ્રેનમાં અસાધારણતા જોયા, ટ્રેકમાં અસામાન્ય આંચકો અનુભવ્યો, રેલ ફ્રેક્ચર વગેરે નોંધ્યું હતું. આ રેલ્વે કર્મચારીઓની સતર્કતા અને તકેદારીએ સંભવિત રેલ્વે અકસ્માતોને રોકવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ પ્રસંગે રાજકોટ ડીવીઝનના વરિષ્ઠ મંડળ સેફ્ટી અધિકારી આર.સી. મીણા, વરિષ્ઠ મંડળ ઈજનેર (સંકલન) નરેન્દ્રસિંહ અને મદદનીશ મંડળ વિદ્યુત ઈજનેર (ટ્રેકશન) સુહાશ બાપટ ઉપસ્થિત રહ્યા હતા.

# લોધિકા તાલુકાના હરીપર પાળ ગામે સી.સી.રોડનો રીબીન કાપી શુભારંભ કરાવતા રાજકોટ જીલ્લા ભાજપ મંત્રી મનોજ રાઠોડ



આ તકે સરપંચ મુનાભાઈ વીરડા, ઉપસરપંચ ભીખુભાઈ ડાંગર, તલાટી મંત્રી એકતાબેન, ગ્રામ પંચાયતના સભ્ય લાખાભાઈ રાઠોડ, હરેશભાઈ સાંસીયા, ગામના આગેવાનશ્રીઓ વિક્રમભાઈ, કાથડભાઈ, બાબુભાઈ રાઠોડ, જીણાભાઇ સીતાપરા, હકાભાઇ છસિયા, જીકાભાઇ સીતાપરા, શૈલેષભાઈ રાઠોડ, ઉદયભાઇ રાઠોડ, સુખાભાઈ વગેરે હોદ્દેદાર અને ગ્રામ આગેવાનોની હાજરીમાં આ સી.સી.રોડનું શુભારંભ કરવામાં આવ્યો. આ સી.સી.રોડનું કામ ગ્રામ પંચાયતના સ્વભંડોળમાંથી કરવામાં આવેલ છે.

# મહાશિવરાત્રી મેળા દરમિયાન રાજકોટ ડિવિઝનની ૨ જોડી ટ્રેનોમાં વધારાના જનરલ કોચ લગાવવામાં આવશે

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢના ભવનાથમાં પાંચ દિવસીય શિવરાત્રી મેળા માટે રેલ્વે અને એસ.ટી. વિભાગે શ્રધ્ધાળુઓ માટે વિશેષ આયોજન કર્યું છે.ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ જૂનાગઢ વિભાગ ધ્વારા મહાશિવરાત્રી મેળા-૨૦૨૫ ના એકસ્ટ્રા સંચાલન બુથનું ઉદ્દઘાટન તા.૨૨ ફેબ્રુઆરીના રોજ ૦૯,૩૦ કલાકે એસ.ટી. બસ સ્ટેશન ખાતે કરાશે.

આ પ્રસંગે જૂનાગઢ એસ.ટી. નિગમના વિભાગીય નિયામકશ્રી એમ.બી.રાવલ, વિભાગીય પરિવહન અધિકારીશ્રી એચ.એન.ખાંભલા જૂનાગઢ ડેપોના ડેપો મેનેજર શ્રીવી.એમ.મકવાણા તથા વિવિધ અગ્રણીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે.

મહાશિવરાત્રી મેળામાં નિગમ ધ્વારા બસ સ્ટેશનથી ભવનાથ ખાતેના એકસ્ટ્રા સંચાલન ૭૦ મીની બસથી કરવામાં આવશે. જેમનું રૂ. ૨૫ ના



ભાડાથી બસ સ્ટેશનથી ભવનાથ તળેટી સુધી સીટી સંચાલન મીની બસોથી હાથ ધરવામાં આવશે તેમજ મેળા દરમ્યાન અમદાવાદ, ભુજ, રાજકોટ, મોરબી, જામનગર, દ્વારકા, ખંભાળીયા, જામજોધપુર, પોરબંદર, સોમનાથ, ઉના, મહુવા, ભાવનગર, અમરેલી વગેરે મુખ્ય શહેરો તેમજ મહત્વના ધાર્મિક સ્થળોનું પણ એકસ્ટ્રા સંચાલન આ વિભાગની ૧૮૦ મોટી બસો તેમજ રાજકોટ, જામનગર, અમરેલી તેમજ ભાવનગર વિભાગની ૩૦ બસો આમ કુલ ૨૧૦ બસો દ્વારા સંચાલન હાથ ધરવામાં આવનાર હોય તેમજ વધારે ટ્રાફિક પ્રમાણ જણાયે યાત્રાળુઓની સુવિધા માટે વધારે બસોનું પણ આયોજન કરાયુ છે.

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ જૂનાગઢમાં યોજાનારા મહાશિવરાત્રી મેળા માટે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે જોડી ટ્રેનોમાં વધારાના જનરલ કોચ લગાવવાનો નિર્ણય લીધો છે. વિગતો નીચે મુજબ છેઃ-

૧. ટ્રેન નંબર ૧૯૧૧૯/૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ-વેરાવળમાં ૨૨.૦૨.૨૦૨૫ થી ૨૭.૦૨.૨૦૨૫ સુધી અને ગાંધીનગર કેપિટલથી ૨૩.૦૨.૨૦૨૫ થી ૨૮.૦૨૦૨૦ સુધી ૨ વધારાના જનરલ કોચ લગાડવામાં આવશે.

૨. ટ્રેન નંબર ૧૯૨૦૭/૧૯૨૦૮ પોરબંદર-રાજકોટ-પોરબંદરમાં ૨૨.૦૨.૨૦૨૫ થી ૨૭.૦૨.૨૦૨૫ સુધી અને રાજકોટથી ૨૨.૦૨.૨૦૨૫ થી ૨૭.૦૫.૨૦૨૫ સુધી ૨ વધારાના જનરલ કોચ લગાડવામાં આવશે.

# રાજકોટમાં ધો. ૧૧ની છાત્રાને સ્નેપચેટથી પ્રેમજાળમાં ફસાવી શખ્સે આચર્યુ દુષ્કર્મ

## મુખ મૈથુન કરાવતો વિડિયો વાયરલ કરવાની ધમકી આપી શખ્સે અનેક વાર મો.કાળુ કર્યુઃ સ્નેપચેટમાં ભાઇ વિડિયો જોઇ જતા ભાંડો ફુટયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના જામનગર રોડ ઉપર આવેલી સોસાયટીમાં રહેતા પરિવારની સગીર વયની દીકરી ધો. ૧૧માં અભ્યાસ કરે છે જેને સોશિયલ મીડિયા સાઈટ સ્નેપચેટ થકી એક શખ્સનો પરિચય થયો હતો. ત્યાર બાદ ઘરે કોઈ ન હતું ત્યારે આ શખ્સ ઘસી આવ્યો હતો. અને તેના મુખમૈથુન કરી તેનો વીડિયો બનાવી લાભલીધો હતો. ત્યાર બાદ આ વીડિયો બતાવી બે વખત દુષ્કર્મ આચરણે હતું. સાથે મુખમૈથુન વાળો વીડિયો તેના સ્નેપચેટમાં મોકલાતા અને તે વીડિયો સગીરાનો ભાઈ જોઈ જતાં સમગ્ર કાંડનો ભાંડો ફુટયો હતો. જે અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાતા પોલીસે દુષ્કર્મ ગુજારનાર શખ્સની ધરપકડ કરી છે. બનાવ અંગે જામનગર રોડ પર રહેતાં રિક્ષાચાલકે નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ધવલ સંજય દાદુકીયા (રહે. લોહાનગર, ગોંડલ રોડ) નું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ પત્નિ અને એક પુત્ર તેમજ ૧૫ વર્ષની પુત્રી સાથે રહે છે. તેઓ રીક્ષા ચલાવી પરીવારનું ગુજરાન ચલાવે છે. તેઓની પુત્રી ધો.૧૧માં અભ્યાસ કરે છે. તેની પાસે સીમ કાર્ડ વગરનો મોબાઈલ એકલતાનો છે, જે અભ્યાસના વીડીયો જોવા માટે ૫ર ઉઠાવી ઘરે તેની પાસે રાખેલ છે.

આવી ખરાબ જેનો વીડિયો બ્લેકમેઈલ હવસનો બનાવી ગઈ તા. ૧૮ ના તેમની દીકરી કામ કરીને શાળાએ ગયેલ તે દરમિયાન તેમના ઉતારી લઈ પુત્રએ દીકરીનો મોબાઈલ ચેક કરી બે વખત કરતા ઈસ્ટાગ્રામ નોટિફિકેશનમાં dhaval302 નામની આઈ.ડી.માંથી શિકાર મેસેજ આવેલ હતો. તેમજ પુત્રએ દીકરીના મોબાઈલ બંને વચ્ચે થયેલ વાતચીતની ચેટ વાચી તેમજ સ્નેપ ચેટમાં ધવલ દાદુકીયાના આઈ.ડી.માંથી



વાતચીત થયેલ હતી. તેમજ તે આઈડીમાંથી પુત્રીને મોબાઈલમા એક વીડીયો મોકલેલ હોય જે જોતા વીડીયો બિભત્સ હતો અને જેમા એક છોકરો તેમની પુત્રી સાથે મુખ મૈથુન કરતો હતો. આ વીડીયો ફરિયાદીએ પણ જોયેલ અને પુત્રને દિકરીને શાળામાંથી પરત લાવવા કહેતાં તેણીને શાળાએથી ઘરે લઈ આવેલ હતો. જ્યાં પુછતા સગીરાએ જણાવ્યું હતું કે, આરોપી ધવલ ગત તા. ૫ ના રોજ આપણા ઘરે કોઈ હતુ નહિ ત્યારે ઘરે આવેલ અને શરીર સંબંધની માંગણી કરેલ હતી. તેને ના પાડતા મને ધમકી આપી કે, જો તુ મારી સાથે શરીર સંબધ નહિ બાંધે તો હું તને મારી નાખીશ જેથી તેણે તેના પ્રાઈવેટ પાર્ટને (લિંગ) મારા મુખમાં પ્રવેશ કરાવી મારી સાથે મુખ મૈથુન કરેલ હતું. થોડી વાર રોકાઈને ઘરમા કોઈને આ બાબતની વાત કરતી નહીં તેમ કહી જતો રહેલ હતો. તે વખતે તેણે મારી જાણ બહાર તેના મોબાઈલમા વીડીયો બનાવી લીધેલ હતો. અને બાદમાં તેને તે વીડીયો મારા મોબાઈલમાં ગઈ તા.૦૭ ના મોકલેલ હતો.ત્યારબાદ બીજીવાર તા.૧૩ ના સવારના સાડા દશેક વાગ્યાની આસપાસ આપણા ઘરે કોઈ હતુ નહિ ત્યારે ધવલ ઘરે આવેલ અને શરીર સંબંધની માંગણી કરેલ હતી. તેને ના પાડતા તેને ધમકી આપી કે, જો તુ મારી સાથે શરીર સંબંધ નહિ બાંધે તો હું તને મારી નાખીશ જેથી તેમ કહી મરજી વિરુધ્ધ બળજબરીથી એક વાર શરીર સંબંધ બાંધેલ હતો.

# પુર્વ મુખ્યમંત્રી દ્વારા કરાયેલ બદનક્ષીના કેસમાં ચાર કોંગી આગેવાનો સામે ધરપકડ વોરંટ ઈસ્યૂ કરતી કોર્ટ

## સહારા કંપનીની જમીનમાં ઝોન ફેર કરી પૂર્વ મુખ્યમંત્રી રૂપાણી અને નીતિન ભારદ્વાજે ૫૦૦ કરોડનું કૌભાંડ કર્યાના આક્ષેપ કર્યા' તા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કુવાડવા રોડ પર આવેલ સહારા ઈન્ડિયાની જમીનમાં ઝોન ફેરફાર કરાવી ૫૦૦ કરોડનું કૌભાંડ આચર્યાના આરોપો લાગતા કોંગી આગેવાનો વિરુદ્ધ રાજકોટની કોર્ટે ધરપકડ વોરંટ ઈસ્યુ કર્યુ છે. આ કેસની હકીક્ત મુજબ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને રાજકોટ ભાજપના અગ્રણી નિતિનભાઈ ભારદ્વાજે રાજકોટના કુવાડવા રોડ ઉપર આવેલ સહારા ઈન્ડિયા કંપનીની જમીનમાં ઝોન ફેર કરી રૂ. ૫૦૦ કરોડથી વધારે રકમનું કૌભાંડ આચર્યું હોવાના ગુજરાત વિધાનસભાના પૂર્વ વિરોધપક્ષના નેતા સુખરામભાઈ રાઠવા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના પૂર્વ ઉપનેતા શૈલેષ પરમાર અને કોંગ્રેસ પક્ષના તાત્કાલીન દંડક સી.જે. ચાવડાએ આક્ષેપો કર્યા હતા તદ્દન ખોટા વાહિયાત આક્ષેપો કરનાર કોંગ્રેસના સુખરામ રાઠવા, શૈલેષ પરમાર, સી. જે. ચાવડા અને અંગત મદદનીશ વિરુદ્ધ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર કોર્ટમાં અને રાજકોટ બાજપ અગ્રણી નીતીનભાઈ ભારદ્વાજે રાજકોટની કોર્ટમાં બદનક્ષીની ફરિયાદ હતી. દાખલ કરી નોંધાવેલી બદનક્ષીની ફરિયાદમાં નીચેની કોર્ટે ફરિયાદી અને સાહેદોને તપાસેલ હતા તમામ કાર્યવાહીના અંતમમાં નીચેની કોર્ટે ફરિયાદ પરત કરેલ હતી. જે હુકમ સામે નિતિનભાઈ ભારદ્વાજ દ્વારા સેશન્સ કોર્ટમાં રીવીઝન અરજી દાખલ કરવામાં આવી હતી. જે રીવીઝન અરજી સેશન્સ કોર્ટે નીચેની કોર્ટનો હુકમ સેટેસાઈડ કરી ફોજદારી ઈન્કવાયરી કાયદા મુજબ કેસ ચલાવવાનો હુકમ કર્યોહ તો.જે બદનક્ષી








કેસમાં કોર્ટે તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રીસેસ ઈસ્યુ કરી કોર્ટમાં હાજર થવા હુકમ કર્યો હતો. જે હુકમ બાદ ઘણી મુદતો વીતી જતા આરોપીઓ કોર્ટમાં હાજર થયા ન હતાં જેના પગલે ફરિયાદ પક્ષ દ્વારાતમામ આરોપીઓ વિરુદ્ધ વોરંટ ઈસ્યુ કરવાની અરજી આપતા કોર્ટે ફરિયાદ પક્ષની અરજી મંજુર કરી તમામ આરોપીઓ સામે ધરપકડ વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કર્યો છે. કેસમાં ફરિયાદી નિતિનભાઈ ભારદ્વાજ તરફે એડવોકેટ દરજે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સના યુવા એડવોકેટ અંશ ભારજદ્વાજ, ધીરજ પીપળિયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, અમૃતા ભારદ્વાજ, જિતેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉધરેજા, તારક સાવંત શ્રેયશ શુકલ, કૃણાલ દવે અને ચેતન પુરોહિત રોકાયા હતાં.

# ગોંડલ આઈસીડીએસ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વિદ્યાર્થીનીઓને શાળામાં પુનઃ પ્રવેશ અપાવાયો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ ઘટક-૧ ના ગોંડલ સેજા ગોંડલ સિટી માં આઈ.સી.ડી.એસ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા પૂર્ણા યોજના પ્રોગ્રામ અંતર્ગત સુપોષીત કિશોરી સશક્ત ગુજરાત અન્વયે આંગણવાડી કોડ ૭/૨૩ ના વિસ્તારમાં મહિલા અને બાળ વિકાસ વિભાગની ટિમ દરમિયાન ગુહ મુલાકાત દરમ્યાન શાળાએ ન જતી કિશોરીને પૂછાતા શાળમાં કેમ અભ્યાસ માટે જતી નથી.

તેમની વિગતો કિશોરીને પૂછાતા તેમના દ્વારા જાણવામાં આવેલ કે હું પાઈવેટ શાળા માં અભ્યાસ માટે જતી હતી પરતું મારા પિતાએ શાળામાં ભણવા માટે એક વર્ષની ફી ૧૫૦૦૦/- જેટલી બાકી છે . તે અંગે તેમના પિતાને પૂછાતા તેમણે જણાવેલ કે મારા ઘરના સભ્યની સંખ્યા-૯ છે તે માંથી કમાવા વારો હું એક જ છું .હું આ દીકરીની ફી ભરી શકું તેવી મારી પરિસ્થિતી નથી.પરતું દીકરીઅને તેમના વાલી પૂછાતા આ



દીકરીની ફી અમે ભરી આપીતો આગળનો અભ્યાસ કરાવશો તે અને હા પડતાં ગોંડલ તાલુકા શિક્ષણા અધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવામાં આવેલ તેમના દ્વારા પાઈવેટ શાળાનો સંપર્ક કારીને ફી ૫૦ ટકા કરી દેવામાં આવી .અને બાકીની ૫૦ ટકા ફી દાતા તરફથી મેળવીને પાઈવેટ શાળામાં મહિલા અને વિકાશની ટિમ સાથે રહીને ભરી દેવામાં આવી ત્યારબાદ કિશોરીની લીવિગ સર્ટિ ને માર્કસ સિટી મેળવીને કિશોરી અને તેમાન પિતા સાથે આજ રોજ શ્રી તાલુકા શાળા નંબર-૧૬ માં ધોરણ -૭ માં કિશોરીને અભ્યાસ માટે આંગણવાડી કોડ ૭/૨૩ શાળામાં પૂનઃ પ્રવેશ કરાવેલ જેમાં ગોંડલ ઘટક-૧ સીડીપીઓ સોનલબેન વાળા, આંકડા મદદનીશ દિનેશભાઇ પાધડાર, મુખ્ય સેવિકા પિન્ટુબેન દવે અને આંગણવાડી વર્કર સપનાબહેને ખૂબ મહેમત ઉઠાવી તાલુકા શાળા નંબર-૧૬માં ધોરણ -૭ આજે પુનઃ પ્રવેશ કરાવેલ છે.


# વિકસિત ગુજરાતની પરિકલ્પનાને સાકાર કરતું રાજયનું બજેટ સમાજના તમામ વર્ગને ઉર્જા આપનારૂ : બજેટને આવકારતા ભૂપતભાઈ બોદર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરએ રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજય સરકારના નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ રજુ કરેલ રાજ્યનું ૨૦૨૫-૨૬નું રૂા.૩,૭૦,૨૫૦ કરોડના ઐતિહાસિક બજેટને આવકારતા જણાવેલ કે રાજય સરકારનું આ બજેટ વિકસિત ગુજરાતને સાકાર કરનારા રોડમેપ સમાન છે.

વધુમાં ભૂપતભાઈ બોદરએ જણાવેલ કે આ બજેટમાં રાજયમાં કિસાન ક્રેડિટ કાર્ડમાં ધિરાણની મર્યાદા વધારી ૫ લાખની કરવામાં આવી. તેમજ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા પ્રાથમિકતા આપી છે. પ્રાકૃતિક કૃષિ અભિયાનને વેગવાન બનાવવા તેને લગતી પ્રવૃતિઓ માટે રૂા.૪૦૦ કરોડથી વધુ જોગવાઈ સૂચવી છે. કૃષિ ઉત્પાદકતા અને ખેડૂતોની આવક વધારવા માટે રાજ્ય સરકાર કૃષિ-યાંત્રિકીકરણને મહત્વ આપે છે.આ બજેટમાં ખેડૂતોને ટ્રેકટર ખરીદીની હાલની સહાયમાં વધારો કરી રૂા.૧ લાખ કરવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત ખેડૂતોને વિવિધ ખેતઓજારો, મીની ટ્રેકટર, ખાતર અને અન્ય ઉપકરણો માટે સહાય આપવા રૂ.૧૬૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલી છે.

તેમજ રાજ્ય સરકારના બજેટમાં પાંચ વર્ષ માટે ૫૦ હજાર કરોડનું વિકસિત ગુજરાત ફંડ, ઈન્ફ્રાસ્ટ્રકર અને કનેકટીવીટીને સુદઢ કરતી મહત્વપૂર્ણ જોગવાઈઓ, બે નવા ગ્રીનફીલ્ડ એકસપ્રેસ વે, નમોશકિત એકસપ્રેસ વે તથા સોમનાથ-ધ્વારકા એકસપ્રેસ વેનું નિર્માણ, બે નવા હાઈસ્પીડ કોરિડોર વિકાસાવાશે, ગરીબોને આવાસ માટે પીએમ આવાસ ગ્રામીણમાં અપાતી સહાય



રૂા.૧.૭૦ લાખ કરાઈ છે. આદિજાતિના કલ્યાણ માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આ વર્ષે ૩૦ હજાર કરોડની રકમ ફાળવાશે. રાજયના મત્સ્યોદ્યોગ વિકાસ માટે અભૂતપૂર્વ ૧૬૨૨ કરોડનું પેકેજ જાહેર કરાયું છે.બાળકોના પોષણ માટે રૂ. ૮૪૬૦ કરોડની બજેટ ફાળવણી કરવામાં આવી છે.

આમ ગુજરાતના આ બજેટમાં પવિઝન વિકસિત ગુજરાત, મિશન જનકલ્યાણથ ની પ્રતિબધ્ધતા દર્શાવે છે. તેમજ દેશના યશસ્વી પ્રધાનસેવક શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના વિઝનને રાજયની ભાજપ સરકાર ધ્વારા આયોજનબધ્ધ રીતે પ્રજા કલ્યાણ યોજનાઓથી અમલમાં મુકવાના આલેખરૂપ ગણાવતાં ભૂપતભાઈ બોદરએ જણાવેલ કે દેશની કૃષિ ક્રાંતિનો આધાર કૃષિ ક્ષેત્ર આધુનિક બને અને જગતાત વધુ સક્ષમ બને તે રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે ત્યારે કૃષિ ક્ષેત્ર માટે ૧૬૧૨ કરોડ ફાળવીને રાજયના ખેડૂતો અને ખેતીનો ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત કૃષિ ઉત્પાદનના વેલ્યૂ એડિશન ધ્વારા ખેડૂતોની આવક વધારવા એગ્રો પ્રોસેસિંગ એન્ડ પ્રમોશન માટે આ બજેટમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.તેમજ આ બજેટમાં યુવાઓ, નારીશકિત અને બાળકોના પોષણ માટે પણ ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.

આમ પ્રગતિ અને ઉન્નતિના નિતનવા આયામો સર કરતા ગુજરાતની પ્રજાના જીવનને સુખી,સમૃધ્ધ અને સંતોષપ્રદ બનાવવાનો પ્રયાસ આ બજેટમાં થયો છે.આમ ગુજરાતની વિકાસયાત્રાને વધુ વેગવંતુ બનાવનારૂ આ બજેટ વિકાસ ધારાથી કોઈ વર્ગ બાકાત ન રહી જાય તેવું સર્વસ્પર્શી અને સર્વગ્રાહી બજેટ આપવામાં આવ્યું છે ત્યારે વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરતા આ ઐતિહાસિક બજેટને આવકારી રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈને અભિનંદન આપતા અંતમાં રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરએ જણાવેલ હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કાળીપાટ ગામે કરોડોની જમીન હડપ કરી જવા દલાલે ખેડૂતને આપી જાનથી મારી નાખવાની ધમકી

## માત્ર રૂપિયા ૧૨ લાખ આપી સાદુ લખાણ કરાવી કરોડોની જમીન પચાવી પાડવાના કારસ્તાનની ખેડૂતને જાણ થઇ જતા જમીન વેચવાની ના કહી હતીઃ દલાલ સહિત બે શખ્સો વિરુદ્ધ આજે ડેમ પોલીસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરની ભાગોળે ભાવનગર રોડ પર આવેલ કાળીપાટ ગામે કરોડોની જમીન નું ₹૧૨,૦૦,૦૦૦ આપી સાદુ લખાણ કરાવી જમીન પચાવી પાડવા દલાલે સ્થાન રચ્યું હોય અને ખેડૂતને સમગ્ર કૌભાંડની માલુમ પડી જતા જમીન વેચવાનો ઈનકાર કર્યો હોય જેના પગલે દલાલ સહિત બે શખ્સોએ ખેડૂતને બે ફાર્મ ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ આજીડેમ પોલીસમાં નોંધાઈ છે. અંગે કાળીપાટના યુવાને આજીડેમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે. મારું નામ ધર્મેશભાઈ પોપટભાઈ લુણસિયા છે

રૂબરૂમાં પોલીસ સ્ટેશન આવી જાહેર કરી મારી ફરીયાદ હકીકત લખાવું છુ કે હું ઉપર જણાવેલ સરનામે માસ પરિવાર સાથે રહું છું અને છૂટક મજુરીકામ કરૂ છુ. અને મારા તથા માલ મોટાભાઈ પ્રેમજીભા વાલજીભાઈ ગુણસીયા ના નામે કાળીપાટ ગામ ના સર્વે નંબર ૨૦૦ પૈકી ૧૦ ખાતા નંબર ૫૦ થી જમીન આવેલ છે. જે જમીન પૈકી અમોએ અમુક જમીન નો હિસ્સો અમાશ ગામના અને અમાશ સમાજના અને હાલે સાયમ પાર્ક રાજકોટ ખાતે રહેલા હોય તે નવીનભાઈ ચકુભાઈ ચાંડપા ને વેચવા સારૂ આજથી આશરે ત્રણેક વર્ષ પહેલા સાકુ લખાણ કરેલ હતુ અને તેઓની પાસે થી અમો બન્ને ભાઈઓ એ કટકે-કટકે આશરે રૂપીયા ૧૨,૦૦,૦૦૦/- લીધેલ હતા. અને બાદ અમોએ આ અમારી જમીન તેઓને વેચવી ના હોય જેથી અમે તેમને જમીન વેચવાની ના પાડેલ હતી. અને હાલે આ જમીનનો કબજો અમારી પાસે છે. તારીખ-૧૯/૦૨/૨૦૨૫ ના સત્રીના હું મારા ઉપરોક્ત ઘરે હાજર હતો ત્યારે રાત્રીના પોણા આઠેક વાગી મારા મોબાઈલ નંબર ૯૬૩૮૫ ૮૫૧૦૬ ઉપર નવીનભાઈ ચકુભાઈ ચાંડપા નો તેમના મોબાઈલ નંબર ૦૦૨૪૯ ૨૦૭૧૦ પરથી મને ફોન આવેલ અને આ નવીનભાઈ મને જેમ ફાવે તેમ મા-બહેન સમાણી ગાળી આપવા લાગેલા અને કહેવા લાગેલ કે, નક્કી તમારે જમીન વેચવાની છે કે નહીં જો જમીન ના વેચવી હોય તો માસ નીકળતા રૂપીયા મને આપી દી અને મને મારા નીકળતા રૂપીયા નહિ આપો તો હું તને અને તાસ ભાઈ પ્રેમજી બન્ને ને જાનથી મારી નાખીશ. તેવી ધમકી આપેલ અને ત્યા એની સાથે રહેલ લખન સહોડ જે પાડાસણ ગામ તા.જી.રાજકોટ ખાતે રહે છે તે પણ ફોનમા મને જેમ ફાવે તેમ ગાળો દેવા લાગેલ. * જેથી મેં ફોન કાપી નાખેલ અને મેં મારા મોટા આપુના દીકરા પ્રેમજીભાઈને વાત કરેલ કે નવીનભાઈ ચાંડપા નો મારા મોબાઈલ મા ફોન આવેલ હતો અને જમીન તથા પૈસા બાબતે મને જેમ ફાવે તેમ મા-બહેન સમાણી ગાળો આપતા હતા અને આપણે બન્ને ભાઈ ને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલ છે. તેમ વાત કરેલ અને આ નવીનભાઈ ચાંડપા પાછા મને ફોન કરતા હોય મે ફોન ઉપાડેલ નહીં અને હું તથા મારા ભાઈ પ્રેમજીભાઈ અહીં આજીડેમ પોલીસ સ્ટેશન આ નવીનભાઈ ચાંડપા વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે આવતા હતા ત્યારે ફરીવાર રાત્રીના પોણા નવેક વાગ્યે મારા મોબાઈલ ફીન મા નવીનભાઈ ચાંડપા નો ફોન આવેલ અને ફરીથી મને જેમફાવે તેમ મા-બહેન સમાણી ગાળો આપવા લાગેલ જેથી મે ફોન કાપી નાખેલ હતો.

તો આ નવીનભાઈ ચકુભાઈ ચાંડપા નાએ તેમના મો.નં. ૯૯૨૪૯ ૨૦૭૧૦ પરથી મારા ફોન પર ફોન કરી મને જમીનના પૈસા બાબતે મા-બહેન સમાણી ભુંડી ગાળો આપી મને તથા મારા ભાઈ પ્રેમજીભાઈ ને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલ હોય તેમજ તેની સાથે રહેલ લખન રાઠોડ એ પણ ફોન પર જેમ ફાવે તેમ ગાળો દીધેલ હોય તો આ બંને સામે ધોરણસર થવા મારી ફરીયાદ છે.

ફરિયાદના પગલે આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એચ.આર સોલંકીએ ગુનો નોંધી દલાલ સહિત બે શખ્સોની ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે

### જમીનના દલાલ એ પ્રેમિકા સાથે મળી પત્નીને માર માર્યો તોઃ મામલો ભક્તિનગર પોલીસમાં પહોંચ્યો'તો

કાળીપાડ ગામે કરોડોની જમીન પચાવી પાડવાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોય જેની ખેડૂતને માલુમ પડી જતા માત્ર મામુલી ૧૨ લાખ રૂપિયા ચૂકવી કરોડોની જમીન લખાવી લેવા અંગે આજીડેમ પોલીસમાં કાળીપાટ ગામના ધર્મેશભાઈ પોપટભાઈ લુણસિયા નામના યુવાને સત્યમ પાર્ક ૮૦ ફટ રોડ પર રહેતો અને અગાઉ ભક્તિનગર પોસ્ટ ઓફિસ પાસે આવેલ બગીચામાં પ્રેમિકા સાથે પત્નીને માર માર્યો હોય જે સક્ષ નવીન ચાંડપા વિરુદ્ધ આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે આ શકશે ફરી લખાણ જળકાવતા પોલીસે તેની સામે કાર્યવાહી શરૂ કરી છે આ આ જમીન કોબાડ ની શરૂઆત કરનાર નવીન ચાંડપા યે અગાઉ કરેલ કારસ્તાન ની મામલો ભક્તિનગર પોલીસમાં પહોંચ્યો હતો જેમાં વિગતો આ મુજબ હતીશહેરમાં ૮૦ ફટ રોડ ઉપર આવેલ સત્યમ પાર્કમાં રહેતી જયશ્રીબેન નવીનભાઈ ચાંડપા નામની ૪૧ વર્ષની પરિણીતા અરસામીં ભક્તિનગર સર્કલ પાસે હતી ત્યારે તેના પતિ નવીન ચાંડપા અને તેની પ્રેમિકા પૂજાબેન બંધીયાએ ઝઘડો કરી ઢીકા પાટુનો માર માર્યો હતો. જયશ્રીબેન ચાંડપાને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરતા ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં હુમલાખોર નવીનભાઈ ચાંડપા ૮૦ ફટ રોડ ઉપર શ્રીરામ ટ્રેડિંગ નામનું કારખાનું ધરાવે છે અને તેને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે મારવાડી કૉલેજમાં ફરજ બજાવતી મહિલા નવીનભાઈ ચાંડપાની પુત્રીને ઘરે ક્લાસ કરાવવા આવતી હતી તે દરમિયાન છેલ્લા આઠ માસથી કારખાનેદાર નવીનભાઈ ચાંડપા અને મહિલા પ્રોફેસર પૂજાબેન બંધિયા વચ્ચે આંખ મળી જતા પ્રેમ પાંગર્યો હતો. ગઈકાલે નવીનભાઈ ચાંડપા અને પૂજાબેન બંધીયા ભક્તિનગર સર્કલ પાસે હતા ત્યારે પત્ની જયશ્રીબેન ચાંડપા જોઈ જતા બોલાચાલી થઈ હતી. જે બોલાચાલીમાં ઉશ્કેરાયેલા પતિ નવીન ચાંડપાએ પ્રેમિકા પૂજાબેન બંધીયા સાથે મળી જયશ્રીબેન ચાંડપાને માર માર્યો હતો

# રજપુતપરામાં હોટલ સંચાલક પાસે રૂા.૭૦ લાખની ખંડણી ઉઘરાવી ખુની હુમલો કરનાર આરોપીના જમીન મંજૂર


## ખંડણી ઉઘરાવવા માટે હોટલ સંચાલક પર ઘાતક હથિયારો વડે હુમલો કર્યો હતો : ૭૦ લાખની ખંડણી વસુલવા બેલડીએ હવાલો લઈ વેપારીની કારને આંતરી હુમલો કરેલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

૧૭/૧૦/૨૦૨૪ના રોજ રજપુતપરા માં પાર્ક વ્યુ હોટલ ધરાવતા કાળુભાઈ વીરજીભાઈ પાનસુરીયા પોતાની કાર લઈ જમવા જતાં હતા ત્યારે આરોપી પ્રફૂલગીરી ગોસ્વામીએ રૂપિયા ૭૧ લાખ કઢાવવા હવાલો આપેલ હોવાથી આરોપીઓ દિનેશભાઈ મુછડી અને રમેશભાઈ બોરીચા ફરિયાદીની કાર પાસે આવી ડ્રાઈવિંગ સીટ પાસેના કાચમાં લોખંડનો પાઈપ મારી કાચ તોડી નાખેલ અને ફરિયાદીને કહેલ કે નીચે ઉતર તે દરમ્યાન દિનેશ મુછડીએ ફરિયાદીની કારના આગળના કાચમાં પાઈપ મારી તોડી નાખેલ બાદ ફરિયાદી કારમાથી નીચે ઉતરતા જ દિનેશ મુછડીએ પોતાના હાથમાં રહેલ છરી વડે ફરિયાદી ઉપર જીવલેણ ઘા મારેલ જેથી ફરિયાદીને લોહી નીકળવા લાગેલ જેથી ફરિયાદી ત્યાથી ભગવા જતાં રમેશભાઈ બોરીચાએ તેના હાથમાં રહેલ લોખંડના પાઈપથી ફરિયાદીને ડાબા હાથમાં મારવા લાગેલ જેથી ફરિયાદી બચવા માટે ત્યાં આવેલ એક દુકાનમાં જતાં રહેલ જેના સી.સી.ટી.વી ફુટેજ પણ પોલીસે કબ્જે કરેલ અને દુકાન માલિકે પણ પોલીસને આરોપીઓ વિરુદ્ધનિવેદન આપેલ જેથી આરોપી દિનેશ મુછડી અને રમેશ બોરીચા ત્યાં દુકાનમાં ફરિયાદીની પાછળ ગયેલ અને દિનેશ મુછડી પાઈપ વડે ફરિયાદીને આડેધડ મારવા લાગેલ અને ફરિયાદીને કહેલ કે પૈસા આપી દે નકર તને જાનથી મારી નાખશુ તેવું કહી આરોપી દિનેશ મુછડી ત્યાથી ભાગી ગયેલ બાદમાં ફરિયાદી કાળુભાઈ વીરજીભાઈ પાનસુરીયા ૧૦૮ મારફત સરકારી હોસ્પિટલ ગયેલ ત્યાં સારવાર લીધેલ અને આરોપી વિરુદ્ધ ફરિયાદ આપેલ હતી.

બાદ બન્ને આરોપીઓ દિનેશ મુછડી તથા રમેશ બોરીચા(સબાડ)ની એ-ડિવિઝન પોલીસે ધરપકડ કરી હતી અને જેલ હવાલે કરેલ હતા. જેલ હવાલે રહેલ આરોપી દિનેશ મૂછડીએ પોતાના વકીલ મારફત રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરેલ હતી. જામીન અરજી ચાલી જતાં આરોપીપક્ષ ની રજુઆતો અને તેની વિરુદ્ધ જામીન નામંજૂર કરવા અંગેનું પોલીસનું સોગંદનામુ, મૂળ ફરીયાદી તરફે લેખિત વાંધાઓ તથા સરકાર તરફેની દલીલો તથા આરોપી તરફે રજૂ ઉચ્ચ ન્યાયાલયો ના ચુકાદાઓ તેમજ કેસ ના સંજોગો ને ધ્યાને લઈ રાજકોટ ના એડી. સેશન્સ જજ દ્વારા આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજુર કરી હતી. દિનેશ મૂછડી વિરુદ્ધ અગાઉ હત્યાની કોશિશ સહિતના ૧૨ ગુન્હાઓ નોંધાયેલ.

આ કામમાં આરોપી દિનેશભાઈ મુછડી વતી રાજકોટના ધારાશાસ્ત્રી રૂપરાજસિંહ પરમાર, રાજેશભાઈ બી. ચાવડા, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ



ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ. રહીમભાઈ હેરંજા, સોનાબેન પટેલ તથા મન ડોડીયા રોકાયેલ હતા.

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ડીડીઓનું સરપ્રાઈઝ ચેકીંગ

રાજકોટ જિલ્લા વિકાસ અધિકારીનો ચાર્જ સંભાળનાર નવનિયુક્ત અધિકારી અનંદુ સુરેશ ગોવિંદે સરકારી હોસ્પીટલની ઓચિંતિ મુલાકાત લીધી હતી. સિવિલ દર્દીઓને મળતી સુવિધા અને સમસ્યાની માહિતી મેળવી હતી તેમજ સિવિલ વિવિધ વિભાગોની વિઝિટ કરી હતી. આ અંગે જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદે કહ્યું હતું કે સિવિલમાં સૌથી વધારે જરૂરીયાતમંદ દર્દીઓ આવતા હોય છે. વર્તમાનમાં વાતાવરણના લીધે દર્દીઓની સંખ્યા સૌથી વધારે હોવાથી સિવિલની ઓપીડીની મુલાકાત લઇ અને ત્યાં દર્દીઓને મળતી સારવાર અને સુવિધાની ચકાસણી કરાઈ હતી તેમજ અમુક જરૂરી સુચના આપી હતી તેમજ દર્દીઓ સાથે સારવાર અંગે વાર્તાલાપ કર્યો હતો. સિવિલ આરોગ્ય વિભાગ દ્વારા ચાલતા આયુષ્યમાન કાર્ડ કેન્દ્રની પણ મુલાકાત લીધી હતી અને ઓનલાઈન કામગીરીનું નિરિક્ષણ કર્યું હતું. તેમજ દર્દીઓને ઝડપથી આયુષ્યમાન કાર્ડ મળી રહે તે માટે હાજર સ્ટાફને પણ સુચના આપવામાં આવી હતી. ઉપરાંત સિવિલના વિવિધ વોર્ડ અને વિભાગની કામગીરી પણ નિહાળી હતી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં કહ્યું હતું કે સોમનાર અને બુધવારના રોજ સરકારી સંસ્થાઓની મુલાકાત લેવાનું આયોજન કરવામાં આવ્યું છે અને તેમાં અરજદારોની થતી કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવશે. સિવિલની મુલાકાતવેળાએ ડીડીઓ સાથે સિવિલ સર્જન ડો. મોનાલી માંકડીયા વહીવટી અધિકારી રાજુ ચૌહાણ સહીતનો સ્ટાફ હાજર રહ્યો હતો.

# સ્ટર્લીંગ હોસ્પિટલમાં ૧૦દિવસથી આયુષ્યમાન કાર્ડની સેવા બંધ થતા દર્દીઓ પરેશાન

અમદાવાદની ખ્યાતી હોસ્પિટલમાં ડખઉંઅદ્ધમાં થયેલ કૌભાંડ બાદ રાજ્ય સરકાર દ્વારા નવા નિયમની અમલવારી કરતા દર્દીઓની પરેશાનીમાં વધારો થયો છે. હવે ડખઉંઅદ્ધમાં સામેલ થનાર ડોક્ટરના નામ ફરજિયાત કરવામાં આવ્યા છે. આ કારણોસર રાજકોટની સ્ટર્લીંગ હોસ્પિટલમાં છેલ્લા ૧૦ દિવસથી આયુષ્યમાન કાર્ડની સેવા બંધ કરવામાં આવી છે. રાજકોટ આરોગ્ય વિભાગના સત્તાવાર સુત્રોએ જણાવ્યું હતુ કે, સ્ટર્લીંગ હોસ્પિટલ ડખઉંઅદ્ધમાં લીસ્ટેડ છે. પરંતુ તેમાં ડોક્ટરો બદલાઈ જતા હવે નવા ડોક્ટરોના નામનું લીસ્ટ ગાંધીનગર મોકલવામાં આવ્યું છે. આ તબીબના નામ અપડેટ નહીં થતા હોસ્પિટલમાં આયુષ્યમાન કાર્ડની સેવા બંધ કરવામાં આવી છે. જે આગામી દિવસોમાં પૂનઃ ચાલુ કરી દેવામાં આવશે.

# ગોંડલના ગરબી ચોકમાં બે માળનું મકાન ધરાશાયીઃ થતા મહિલાનું મોતઃ બેને ઈજા

- કાટમાળ નીચે દટાયેલા ત્રણેય સભ્યોને JCBની મદદથી બહાર કઢાયાઃ મકાનનું રિનોવેશન ચાલતું હોય ત્યારે જ બની ઘટના



**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલના સહજાનંદ વિસ્તારમાં ગરબી ચોકમાં કોર્નર પર આવેલા મકાનનું છેલ્લા ત્રણેક દિવસથી રિનોવેશન કામ હાથ ધરવામા આવ્યું છે. ત્યારે આજે વહેલી સવારે આ બે માળનું મકાન એકાએક ધરાશાયી થતાં ભારે દોડધામ મચી હતી. આસપાસના રહેવાસીઓ તુરંત બચાવકાર્યમાં જોતરાયા હતાં. તે સમયે ફાયર બ્રિગેડનો કાફલો દોડી આવ્યો હતો. જેમણે જેસીબીની મદદથી કાટમાળ દૂર કરી માતા-પુત્ર અને પત્ની ત્રણેયને બહાર કાઢ્યા હતા પરંતુ પત્નીનું મોત નિપજ્યું હતું. જ્યારે માતા-પુત્રને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગત મુજબ રેલ્વેસ્ટેશન ચોક માં પાન નો ગલ્લો ચલાવતા અને સહજાનંદનગર ગરબીચોક નાં ખુણે રહેતા સુનિલભાઈ આશાનંદ વરધાણી ઉ.૫૦ નું બે માળનું મકાન સવારે સાત કલાકે ધડાકાભેર ધરાશાયી થતા મકાન માં સુતેલા સુનિલભાઈ તેમનાં પત્નિ ઉપાબેન ઉ.૪૦ તથા માતા નીતાબેન ઉ.૭૦ કાટમાળ હેઠળ દબાઈ ગયા હતા. જેમા ઉષાબેન નું મોત નિપજ્યુ હતુ.જયારે સુનિલભાઈ તથા તેમની માતાને ગંભીર ઈજાઓ પહોચી હતી. ફાયર ટીમ દ્વારા ચાર કલાક નું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી ઈજાગ્રસ્ત માતા પુત્ર ને મલબામાં થી બહાર કાઢ્યા હતા. મકાન સંપુર્ણ જમીનદોસ્ત થયુ હોય દિવાલો અને છત ને કટરથી કાપવા પડયા હતા.અને ક્રેઈન તથા જેસીબી દ્વારા દુર ખસેડાયા હતા.કાટમાળ નીચે સુનિલભાઈ દિવાલ અને બારણા વચ્ચે ફસાઈ ગયા હોય ફાયર ટીમ ની ભારે જહેમત ને અંતે બહાર કઢાયા હતા.કાટમાળ માં દબાયેલા સુનિલભાઈ તથા તેમનાં વૃધ્ધ માતા ને ફ્રેક્ચર સહીત ગંભીર ઈજાઓ થઈ છે.

# સોમનાથ કલેક્ટરના ૨૦ કરોડના કથિત ગેરકાયદે ફાર્મ હાઉસ અંગે તપાસ સમિતિની રચના

- પૂર્વ સાંસદ દિનુ બોઘા સોલંકીની ૧૫૦ કરોડની જમીન ખાલસા કરવાનો હુકમ કરનાર કલેક્ટર દિગ્વિજયસિંહ પાસે ૧૦૦ કરોડની સંપતિના વળતા આક્ષેપથી ચકચાર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જૂનાગઢના પૂર્વ સાંસદ દિનુ બોઘા સોલંકીની ૧૫૦ કરોડની જમીન ખાલસા કરવાનો હુકમ કરનાર ગીર સોમનાથના કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા ઉપર વળતો પ્રહાર કરતા પૂર્વ સાંસદે આજે રાજકોટ કલેક્ટર સમક્ષ જાડેજાનું ન્યારી ડેમ પાસેના ૨૦ કરોડનું ફાર્મહાઉસ ગેરકાયદે હોવાની રજૂઆત કરતા તપાસ સમિતીની રચના કરવામાં આવી છે. ભાજપના રાજમાં ભાજપના જ નેતા ગીર સોમનાથમાં ત્વરીત એક્શનથી ચર્ચામાં રહેતા ક્લેક્ટર સામે ગંભીર આક્ષેપો કરી રહ્યા છે. ત્યારે લોકોમાં આ મામલો ભારે ચર્ચાસ્પદ બન્યો છે. પૂર્વ સાંસદ અચાનક શા માટે કલેક્ટરની વિરૂધ્ધમાં મેદાનમાં ઉતર્યા ? અને કલેક્ટર સત્તાવાર રીતે આ આક્ષેપો વિશે કશુ બોલતા ના હોય ભારે તર્કવિતર્ક જન્મી રહ્યા છે.પૂર્વ સાંસદ દિનુ બોધા સોલંકીએ કહ્યું કે,સોમનાથ કલેક્ટર પાસે ૧૦૦ કરોડની સંપતિ છે. આટલા પૈસા ક્યાંથી આવ્યા ? આવી ધીંગી કમાણી ક્યાંથી થઈ? તેની તપાસ થવી જોઈએ. રાજકોટના ન્યારી ડેમ સાઈટ ઉપર ૨૦ કરોડના પઆદીનાથથ ફાર્મ હાઉસમાં ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું છે. તેઓ રૂડાના સીઈઓ હતા ત્યારે જ તેઓએ પોતાના ફાર્મ હાઉસ માટે મંજૂરી આપી છે. આ ફાર્મ હાઉસની તપાસ થવી જોઈએ. રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, રાજકોટના ન્યારી ડેમના પ્રતિબંધિ વિસ્તારમાં સોમનાથના કલેક્ટર દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું હોવાની એક અરજી મળી છે. ફાર્મ હાઉસ નિયમ મૂજબ છે કેમ ? તેની તપાસ રાજકોટ તાલુકા મામલતદારને સોંપવામાં આવી છે.

# વિંછીયાના અજમેર ગામની સીમમાં ગાંજાનું વાવેતર પકડાયું, ૫.૫૫ લાખના લીલા-સૂકા ગાંજાના છોડ કબજે

વિંછીયા પોલીસે અજમેર ગામની સીમમાં દરોડો પાડી તુવેરના પાક વચ્ચે વવાયેલ ગાંજોનું જંગી વાવેતર પકડી પાડી ખેડૂતની ધરપકડ કરી હતી, પકડાયેલ ખેડૂતે છૂટક વેચાણ માટે ગાંજાનું વાવેતર કર્યાનું તપાસમાં ખુલ્યું છે. રાજકોટ જિલ્લામાં નશાકારક પ્રવૃત્તિઓ અટકાવવા રૂરલ એસ.પી. હિમકરસિંહએ આપેલ સુચના અન્વયે વિંછીયાના પીઆઈ જે.પી. રાવ તથા હેડ કો. દિનેશભાઈ પલાળીયા સહિ. ત્યાર ચળેલો બેલીમીમાં આધારે અજમેર ગામની સીમમાં વનરાજ ભૂપતભાઈ ગંજેળીયાની વાડીમાં દરોડો પાડતા ગાંજાનું જંગી વાવેતર મળી આવ્યું હતું. ત્યાં પોલીસે તપાસ કરતા વાડીમાં તૂવેરના પાકની વચ્ચે ગાંજાના સૂકા તથા લીલા છોડ વજન ૫૫ કિલો ૫૮૦ ગ્રામ કિ.રૂ. ૫,૫૫,૮૦૦ નો જથ્થો મળી આવતા તે કબ્જે કરી ખેડૂત વનરાજ ગંજેળીયાની ધરપકડ કરી હતી. આ દરોડામાં પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ પકડાયેલ ખેડૂત વનરાજ ગંજેળીયાએ છૂટક વેચાણ માટે ગાંજાનું વાવેતર કર્યુ હતું. આ બનાવની વધુ તપાસ વિંછીયાના પીએસઆઈ જે.પી.રાવ ચલાવી રહ્યા છે.

# પુત્રીનું સગીર વયનું બોગસ સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ ઊભું કરી ખરા તરીકે ઉપયોગ કરવાના ગુનામાં આરોપી નિર્દોષ

## પુત્રીના પ્રેમીને દુષ્કર્મના ગુનામાં સંડોવી દેવા માટે પિતાએ કૌભાંડ કરતા ગુનો નોંધાયો હતો

કાલાવડ શહેર માં રહેતા પ્રોઢે પુત્રીના પ્રેમીને દુષ્કર્મના ગુનામાં સંડોવી દેવા માટે પુત્રીને સગીર વય નું બોગસ સ્કૂલ લિવિંગ સટિફિકેટ ઊભું કરી જેનો ખરા તરીકે ઉપયોગ કરવાના ગુના નો કેસ ચાલી જતા અદાલતે આરોપીને નિર્દોષ છોડી મૂકવાનું હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ કાલાવડ ટાઉન પોલીસ મથકે વર્ષ ૨૦૨૨ માં પીઆઈ યુ એચ વસાવા એ નરિયા ઉર્ફે નરેશ બામણીયા નામના શખ્સે પોતાની પુત્રી પુખ્ત વયની હોવા છતાં સગીર તરીકે બતાવી જન્મના દાખલામાં ચેડા કરી ખોટો દસ્તાવેજ બનાવી જન્મ પ્રમાણપત્રની બનાવટી દસ્તાવેજ નો ખરા તરીકે ઉપયોગ કર્યો અંગેનું ફરિયાદ નોંધાવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી એ પોતાની પુત્રીના પ્રેમીને દુષ્કર્મના ગુનામાં સંડોવી દેવા માટે સગીર વયની બતાવ્યા અંગે ની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે નરીયા ઉર્ફે નરેશ ની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરી હતી.જે કેસની ટ્રાયલ ચાલેલી. જે કામમાં સાહેદોના નીવેદનો લેવાયેલ, કેસની હકીકત અને બચાવ પક્ષના વકીલોની રજૂઆતને ધ્યાને લઈને ફરીયાદ પણ કેસ સાબીત કરવામાં નીષ્ફળ ગયેલ છે કાલાવડના મેજીસ્ટ્રેટ જજે આરોપી નરીયા ઉર્ફે નરેશ બામણીયા ને નિર્દોષ છોડવાનો હુકમ કરેલો છે. આરોપીના વકીલ તરીકે ધારાશાસ્ત્રી ચીમનભાઈ ડી. સાંકળીયા, પ્રકાશભાઈ એ. કેશુર, નિકુંજભાઈ સી.સાંકળીયા, ઉદયભાઈ પી.ચાંવ, અતુલભાઈ એન.બોરીયા, હરેશભાઈ એ. ખીમસુરીયા, ભરતભાઈ ડી. બોરડીયા, વિજયભાઈ એલ. સોંદરવા, સોનલબેન બારોટ, પુનમબેન સોંદરવા, રણજીતભાઈ ડી.સાંખટ, આસીસ્ટન્ટ તરીકે લલીતચંદ્ર સી.બારોટ વગેરે રોકાયેલ હતા.

# હડાળા ગામે વગર પૈસે કરીયાણુ લેવા આવેલા પાડોશી શખ્સોનો વેપારી પરિવાર પર હુમલો

- જાનથી મારી નાખવાની ધમકી આપનાર ચારેય શખ્સો વિરુદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના મોરબી રોડ પર આવેલા હડાળા ગામે કરીયાણાની દુકાને વસ્તુ લેવા આવેલા મહીલા અને તેમના પરીવારજનોએ વસ્તુના પૈસા નહી આપી કરીયાણાની દુકાન ચલાવતા દંપતી અને તેમની બંને પુત્રી પર હુમલો કરતા ચારેય વિરૂધ્ધ કુવાડવા પોલીસ મથકમા ફરીયાદ નોંધવામા આવી છે. હડાળા ગામના પાટીયા પાસે પિતૃકૃપા સોસાયટીમા રહેતા અને ઘર પાસે કરીયાણા તેમજ બાળકોના ભાગની કેબીન ધરાવતા ગીતાબા કિરીટસિંહ ગોહીલ (ઉ.વ. ૫૮) એ પોતાની ફરીયાદમા તેમના પાડોશમા રહેતા હસીનાબેન રફીકશા શાહમદાર, હસીનાબેનના દિકરાઓના પત્ની, હસીનાબેનના ભાઈના દિકરાની પત્નીનુ નામ આપતા તેમના વિરૂધ્ધ ફરીયાદ નોંધવામા આવી છે. આ ઘટનામાં કુવાડવા પોલીસના એન. એમ. શીરોડીયા તપાસ ચલાવી રહયા છે ગીતાબાએ ફરીયાદમા જણાવ્યુ હતુ કે ગઈકાલે સવારના સમયે પોતે કેબીનમા બેઠા હતા ત્યારે હસીનાબેન દુકાનેથી વસ્તુ લઈ પૈસા પછી આપી દેઈશ તેવુ કહી જતા હતા ત્યારે તેમને ગીતાબાએ કહયુ કે પૈસા આપીને વસ્તુ લઈ જાવ જેથી બંને પક્ષે માથાકુટ થઈ હતી અને હસીનાબેન ગાળો બોલી અને ઝપાઝપી કરવા લાગ્યા હતા તેવા સમયે હસીનાબેનના ભાઈના દીકરાની પત્ની પાસે લાકડી હતી તે દોડીને દુકાન તરફ આવ્યા અને તેઓએ માથાકુટ કર્યા બાદ ગીતાબાને બચાવવા તેમની બંને દિકરી સોનલબા અને હેતલબા તેમજ તેમના પતિ બહાર નીકળતા તેમને પણ હસીનાબેનનાં પરીવારજનોએ ગાળો બોલી અને માર માર્યો હતો. ત્યારબાદ આરોપીઓએ ઝઘડો કરી જતા જતા કહયુ કે તમારી કેબીનમાથી મફતમા વસ્તુ નહી આપો તો હુ તમને જાનથી મારી નાખીશ. ત્યારબાદ ગીતાબાએ ૧૦૦ નંબરમા ફોન કરતા પોલીસ ત્યા આવી ગઇ હતી અને પોલીસે બંને પક્ષને લઈ જઈ અને હસીનાબેન અને તેમના પરીવાર વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

# પતિએ પરસ્ત્રી સાથેના સંબધના કારણે શિક્ષિકા પત્ની પર ૨૫ વર્ષે ગુજાર્યો ત્રાસ

## પતિને સમજાવવા માટે અનેકવાર પ્રયત્નો કર્યા છતા પતિ સુધરવા માટે તૈયાર ન હોય ફરિયાદ કરાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમા રહેતા શિક્ષિકાને લગ્નજીવનના ૨૫ વર્ષ બાદ પતિએ ત્રાસ આપવાનું શરૂ કરતા તેણીને તેમના પુત્ર સાથે અલગ રહેવા જવું પડયુ છે. પતિના આડાસબંધથી ત્રાસી ગયેલા શિક્ષિકાએ સાસરીયાઓને કહી તેમના પતિને સમજાવવા માટે અનેકવાર પ્રયત્નો કર્યા છતા પતિ સુધરવા માટે તૈયાર ન હોય શિક્ષિકાએ પોલીસમા ત્રાસ અંગેની ફરીયાદ નોંધાવી છે. રાજકોટ શહેરમા કાલાવડ રોડ પર કાંતિવિર મંગલ પાંડે ટાઉનશીપમા રહેતા પારૂલબેન મહેશભાઈ પટેલ (ઉ.વ. ૫૨) નામના મહીલાએ તેમના પતિ મહેશ નાનજીભાઈ પટેલ વિરુધ્ધ ફરીયાદ નોંધાવી છે જેમાં તેમણે જણાવ્યુ હતુ કે તેમના લગ્ન ૨૦૦૦ ની સાલમા ભાણવડના વેરાડ ગામે રહેતા મહેશભાઈ પટેલ સાથે સમાજના રિત રીવાજ મુજબ થયા હતા ત્યારબાદ તેઓ અહી રાજકોટમા રહે છે અને પારૂલબેન કાલાવડ પ્રાથમીક શાળામા શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે અને તેઓના પતિ માલધારી ફાટક પાસે અલગ રહે છે.

પારૂલબેને વધુમા જણાવ્યુ હતુ કે ગઈ તા ૨૭-૧૦ ના રોજ સવારના સમયે પારૂલબેનના મોબાઈલમા સુમનબેન કે જેઓ મહેશભાઈના અબર રેસ્ટોરન્ટમા કામ કરતા હોય તેનો ફોન આવ્યો હતો અને તેમણે જણાવ્યુ કે તમારા પતિ મહેશભાઈ મારી સાથે બળજબરી કરે છે અને ખરાબ હરકતો કરે છે. ત્યારબાદ પારૂલબેન બાલાજી ઈન્ડ. એરીયામા આવેલી અક્ષર રેસ્ટોરન્ટે તેમના દિકરા સાથે પહોંચ્યા હતા અને તેમના પતિ સાથે વાત કરી હકીકત જાણતા પતિએ વાતનો સ્વીકાર કર્યો કે તેમને સુમનબેન સાથે સબંધ છે આ બાબતે પારૂલબેને તેમના પતિ મહેશભાઈના સગા બહેન લાલપુરવાળા મંજુલા બહેન, ધાંગ્રધા વાળા છાયાબેન અને બનેવી કમલેશભાઈને ફોનથી જાણ કરી હતી જેથી મહેશભાઈને ફોનમા બધાએ સમજાવ્યા હતા ત્યારબાદ તેઓ સમજીને પારૂલબેન સાથે રહેવા લાગ્યા હતા થોડા સમય બાદ પતિ મહેશભાઈ નાની નાની બાબતોમા ઝઘડો કરવા લાગ્યા હતા અને માનસીક ત્રાસ આપતા હતા અને કહેતા હતા કે હુ જેવો છુ તેવો રહીશ ત્યારબાદ તા ૧૦-૧૧-૨૪ ના રોજ સવારના ઘરેથી જતા રહ્યા હતા અને પારૂલબેનની જાણ બહાર તેમના ભાગી આવતી મિલકતો વેચી નાખવાની કોશીષ કરી હતી આ મામલે યુનિવર્સી ટી પોલીસમા ફરીયાદ કરતા પીએસઆઈ બી. એસ. ચૌહાણ તપાસ ચલાવી રહ્યા છે.

# જસદણમાં ગેસ્ટહાઉસમાં ક્રિકેટનો સટ્ટો રમાડતા રાજકોટના બે પંટરો ઝડપાયા

## આટકોટ રોડ પર રૂમ ભાડે રાખી ક્રિકેટ મેચ પર સટ્ટો રમાતો હતોઃ પુનાના બુકી પાસે કપાત કરાવતા હતા : ત્રણ મોબાઈલમાંથી અનેક સટોડિયાના નામ ખુલ્યા

જસદણમાં આટકોટ રોડ પર ગેસ્ટ હાઉસમા પોલીસે દરોડો પાડી ગેસ્ટ હાઉસમા રૂમ ભાડે રાખી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા અને રમાડતા રાજકોટના બે સટોડીયાઓને ઝડપી લીધા હતા. જેની પુછપરછમા મહારાષ્ટ્રના પુનાના બુકીનુ નામ ખુલ્યુ હતું. પોલીસે ૩ મોબાઈલ કબજે કર્યા હોય જેમાથી અનેક સટોડીયાના નામ ખુલે તેવી શકયતા છે. પ્રાપ્ત વિગતો મુજબ, જસદણના આટકોટ રોડ પર આવેલા આદિત્ય ગેસ્ટ હાઉસમા ક્રિકેટ મેચનો સટ્ટો રમાડતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. ગેસ્ટ હાઉસમા રૂમ ભાડે રાખી વુમન પ્રિમીયર લીગની મેચ પર સટ્ટો રમાડતા અને રમતા રાજકોટના ગાંધીગ્રામ લાભદીપ સોસાયટીમા રહેતા મુળ મહારાષ્ટ્રના પુનાના નામચીન ગુલાબદાસ કરસનદાસ ગોંડલીયા અને રાજકોટના નિર્મલા કોન્વેન્ટ રોડ પર તનીષ્ક રેસીડન્સીમા રહેતા જમીન મકાનના દલાલ ધર્મેન્દ્ર મુલચંદ જેઠાણીની ધરપકડ કરી હતી. આ બન્ને આરોપીઓ પાસેથી રોકડ અને ૩ મોબાઈલ સહીત રૂ.૧૫ હજારનો મુદામાલ કબજે કરવામા આવ્યો હતો. આ બનાવમાં બન્ને આરોપીઓની પુછપરછમા નામચીન ગુલાબદાસ ગોંડલીયા અને ધર્મેન્દ્ર જેઠાણી રૂમ ભાડે રાખી સટ્ટો રમતા હતા અને રમાડતા પણ હતા અને આ અંગેની કપાત આઈડી આપનાર પુનાના યાજ્ઞીક લાખાણી પાસે કરાવતા હોવાનુ જણાવ્યુ હતુ. જસદણ પોલીસે ગુલાબદાસ ગોંડલીયા અને ધર્મેન્દ્ર જેઠાણીની ધરપકડ કરી યાજ્ઞીક લાખાણીનુ નામ ખોલી નાખ્યુ છે. આ બન્ને સટોડીયા પાસેથી રોકડ રકમ કબજે કરી ૩ મોબાઈલમા અનેક નાના પંટરોના નંબર મળી આવ્યા હોય જેના આધારે પોલીસે વિશેષ પુછપરછ શરુ કરી છે અને આ મામલે હજુ વધુ પણ ધરપકડ માટે તજવીજ હાથ ધરાઈ છે.